કેસ દાખલ કર્યા તારીખ :૧૯/૧૦/૨૦૨૨
કેસ રજી. લીધા તારીખ: ૧૯/૧૦/૨૦૨૨
કેસ ફેસલ કર્યા તારીખ : ૧૦/૦૨/૨૦૨૬
સમય: ૦૩ વર્ષ, ૦૩ માસ, ૨૨ દિવસ.

## જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં, મુ.ઉમરેઠ

ફોજદારી કેસ નં.૧૦૩૪/૨૦૨૨
આંક–૩૭

ફરીયાદી.
ટીનુભાઈ મહીજીભાઈ ભોઈ,
ઉ.વ.આ.૫૧, ધંધો–ખેતી,
રહે. જાખલા, ઠે.ભગતપુરા,
તા.ઉમરેઠ જી.આણંદ.

વિરુદ્ધ

આરોપી.
તખતભાઈ રાવજીભાઈ ભોઈ,
ઉ.વ.આ.૬૬, ધંધો–ખેતી,
રહે. જાખલા, ઠે.બસ સ્ટેન્ડ પાસે,
તા.ઉમરેઠ જી.આણંદ.

| |
|---|
| ગુન્હો :– ધી નેગોશચેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ ૧૩૮,૧૪૨ મુજબ |
| ફરીયાદી તરફે વિ.વકિલ શ્રી આર.પી.ચાવડા.<br>આરોપી તરફે વિ.વકિલ શ્રી એમ.આર.તળપદા. |

### –:: હુકમ ::–

(૧) આ કામે ફરિયાદ પક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, ફરીયાદી ગામ જાખલા મુકામે રહીએ છીએ. અને ખેતી કરી જીવન ગુજરાન ચલાવીએ છીએ. આરોપી ફરીયાદીના ગામના છે. અને તેઓને સારીરીતી ઓળખીએ છીએ. આરોપીને દેવુ ચુકવવા માટે તથા બેન્કની લોન ભરવા માટે નાણાંની જરૂર હોય ફરીયાદી પાસે ડિસેમ્બર સને ૨૦૧૯ના અરસામાં આવેલા અને ફરીયાદીને જણાવેલ કે તમો અમોને રૂા.૫,૦૦,૦૦૦/– ની વ્યવસ્થા કરી આપો હું તમોને તેના બદલામાં અમારી રે.સ.નં.૫૧૦ ખાતા નં. ૧૬૬ માં ઉટખરી સ્ટેન્ડ ઉપર દાગજીપુરા રોડ બાજુ આવેલ દુકાન નં. ૧૦૮૨ પૈકીની પાંચ વર્ષની બાંણી કરી ગીરો આપેલી. અને કબજાગીરોનુ લખાણ રૂા.૩૦૦/–ના

સ્ટેમ્પ પેપર ઉપર નોટરી રૂબરૂ સાક્ષી રૂબરૂ તા. ૧૮/૧૨/૧૯ ના રોજ ફરીયાદીને કરી આપેલ. અને ફરીયાદીએ ગીરો પેટે રૂા.૩,૦૦,૦૦૦/- રોકડા આરોપીને ચુકવી આપેલા. અને દુકાનનો કબજો ફરીયાદીને સોંપેલો. ફરીયાદીએ આરોપીને બાકીની રકમ રૂા.૨,૦૦,૦૦૦/- માર્ચ ૨૦૨૦ માં આપવામાં નકકી કરવામાં આવેલ. ત્યારબાદ આરોપી ગીરો આપેલ દુકાન ત્રાહીતને વેચાણ કરવાના પ્રયત્નો કરતા હોવાથી ફરીયાદીએ બાકી રકમ રૂા.૨,૦૦,૦૦૦/- ચુકવી આપેલા નહી. આરોપી તેમની દુકાન ત્રાહીતને વેચાણ કરવા માંગતા હોવાથી ફરીયાદીએ ગીરોની રકમ રૂા.૩,૦૦,૦૦૦/- ની પરત માંગણી કરેલી. જેથી જેથી આરોપી ફરીયાદીને બેન્ક ઓફ બરોડા ઉમરેઠ શાખાનો ચેક નં.૦૦૦૦૨૨ તા.૧૨/૫/૨૦૨૨ ના રોજનો એકાઉન્ટ પે ચેક આપેલો. ફરીયાદી સદર ચેક કલીયરીંગ માટે બેન્કમા જમા કરાવતા આરોપીએ કલીયરીંગ માટે કન્ફરમેશન આપેલ નહી. જેથી ચેક સીકરાયેલ નહી અને ચેકના અવેજની રકમ ફરીયાદીને મળી શકેલ નહી. ફરીયાદીને આરોપીએ આપેલ ચેકની રકમ મળેલી નહી. જેથી ફરીયાદીએ આરોપી પાસે રૂા.૩,૦૦,૦૦૦/- વારંવાર માંગણી કરતા આરોપીએ તા.૨૭/૫/૨૨ ના રોજ રૂા.૨,૦૦,૦૦૦/- નો ચેક નં.૦૦૦૦૨૭બેન્ક ઓફ બરોડા ઉમરેઠ શાખાનો તથા બીજો ચેક તા. ૧૫/૭/૨૦૨૨ ના રોજનો રૂા.૧,૦૦,૦૦૦/- નો ચેક નં.૦૦૦૦૨૯ નો બેન્ક ઓફ બરોડા ઉમરેઠ શાખાનો વિગતો ભરી સહી કરી ચેક આપેલો. અને આરોપીએ ફરીયાદીને જણાવેલ કે સદર ચેક પાકતી મીતીએ ચોકકસ સીકરાઈ જશે. જેથી ફરીયાદીએ ચેકો સ્વીકારેલા. અને ચેકના ધારણકર્તા બનેલા. ત્યારબાદ ફરીયાદીને આરોપીએ આપેલ ચેક નં. ૦૦૦૦૨૭ તા.૨૭/૫/૨૦૨૨ ના રોજનો રૂા.૨,૦૦,૦૦૦/- ખાતામાં જમા કરાવતા તેના નાણાં ફરીયાદીને મળી ગયેલા. ત્યારબાદ આરોપીએ આપેલ. તા. ૧૫/૭/૨૨ ના રોજનો ચેક નં. ૦૦૦૦૨૯ નો રૂા. ૧,૦૦,૦૦૦/- ની અવેજની રકમના ચેકની તારીખ આવતા ફરીયાદીએ આરોપીને જણાવેલ કે ચેક ખાતામાં જમા કરાવુ છુ. ત્યારે આરોપીએ ફરીયાદીને જણાવેલ કે મારા ખાતામાં હાલમાં બેલેન્સ જમા નથી. મેં જમીન વેચાણ કરી છે તેની રકમ આવી જશે પછી તમો એક માસ પછી ખાતામાં ચેક જમા કરાવજો. જેથી ફરીયાદીએ આરોપી ઉપર વિશ્વાસ રાખી ખાતામાં ચેક પાકતી તારીખે જમા કરાવેલ નહી. ત્યારબાદ આરોપીના વાયદા મુજબ એક માસ પછી ફરીયાદીએ આરોપીને રૂબરૂમાં મળી જણાવેલ કે તમારો ચેક ખાતામાં જમા કરાવુ છુ. ત્યારે આરોપીએ અઠવાડીયા પછી જમા કરાવજો ત્યાં સુધીમાં હું ખાતામાં બેલેન્સ કરી દઈશ. જેથી સદર ચેક તા.૨૩/૮/૨૦૨૨ ના રોજ બેન્ક ઓફ બરોડા ઉમરેઠ શાખામાં ખાતા નં. ૮૨૮૪૦૧૦૦૦૦૫૦૩૭ માં કલીયરીંગ માટે જમા કરાવેલ અને તા.૫/૯/૨૦૨૨ ના રોજ રીટર્ન મેમાના કારણ નં. ૧૯(એ) ફંડ ઈન સફીસીયન્ટના શેરા સહીત વગર સીકરાયે પરત આવેલ. અને ચેકના અવેજની રકમ ફરીયાદીને મળેલી નહી. આરોપીએ ફરીયાદીને આપેલ ચેકના અવેજની રકમ મળેલી નહી. જેથી ફરીયાદીએ આ કામના તો.દારને ધી નેગોશીયેલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબની લીગલ નોટીસ તા.૦૮/૦૯/૨૦૨૨ ના રોજ આપેલી. જે રજી. નોટીસ આ કામના તો.દારને તા.૧૨/૦૯/૨૦૨૨

ના રોજ રજી. એડી ટપાલથી મળી ગયેલી છે. આમ આ કામના તો.દારને ફરીયાદીએ આપેલી નોટીસની કાયદેસર બજવણી થયેલી છે. તેમ છતા આ કામના તો.દારે ફરીયાદીને સદર ચેકની રકમ ચુકવી આપેલ નથી. ફરીયાદીએ આરોપીને ડીમાન્ડ નોટીસ આપી ત્યારબાદ આરોપીએ તા.૨૨/૯/૨૦૨૨ ના રોજ નોટીસનો જવાબ આપેલો. અને આરોપીએ નોટીસના જવાબમાં ખોટી તકરારો લીધેલી આરોપીના જણાવ્યા મુજબ તા.૧૮/૧૨/૧૯ના રોજ રૂા. ૩૦૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર નોટરી રૂબરૂ કરાર કરી અને કરારની શરત પ્રમાણે રૂા.૨,૦૦,૦૦૦/– માર્ચ ૨૦૨૦ માં ચુકવી આપવાના રહેશે. તેવુ જણાવેલ. ફરીયાદીએ આરોપીને કબજાગીરોનો કરાર કર્યો ત્યારે રૂા.૩,૦૦,૦૦૦/– રોકડા ચુકવી આપેલા. ત્યારબાદ આરોપી ફરીયાદીને આપેલ દુકાન ત્રાહિત ઈસમને વેચી દેવાના પ્રયત્નો કરતા હોવાથી અમોબાકીની રકમ રૂા. ૨,૦૦,૦૦૦/– આપેલા નહી અને ફરીયાદીએ કબજા ગીરો કરારમાં જણાવ્યા મુજબની રકમ રૂા.૩,૦૦,૦૦૦/–ની પરત માંગણી કરેલી અને આરોપીએ ફરીયાદીને બેન્ક ઓફ બરોડા ઉમરેઠ શાખાનો ચેક નં. ૦૦૦૦૨૨ નો આપેલો પરંતુ સદર ચેકના નાણાં ફરીયાદીને મળેલા નહી જેથી અમારી લેણી રકમની આરોપી પાસે માંગણી કરેલી. જેથી આરોપીએ ફરીયાદીને તા.૨૭/૫/૨૦૨૨ ના રોજનો ચેક નં.૦૦૦૦૨૭ બેન્ક ઓફ બરોડા ઉમરેઠ શાખાનો રૂા.૨,૦૦,૦૦૦/–નો તથા બીજો ચેક તા.૧૫/૭/૨૨ ના રોજનો રૂા.૧,૦૦,૦૦૦/– નો ચેક નં.૦૦૦૦૨૯ નો બેન્ક ઓફ બરોડા ઉમરેઠ શાખાનો વિગતો ભરી આપેલો. સદર ચેકો પૈકી ચેક નં.૦૦૦૦૨૭ રૂા.૨,૦૦,૦૦૦/– બેન્ક ઓફ બરોડા ઉમરેઠ શાખાના ચેકના અવેજની રકમ અમોને મળી ગયેલ. ત્યારબાદ આરોપીના વાયદા મુજબ રૂા.૧,૦૦,૦૦૦/– ચેક ૦૦૦૦૨૯ નો બેન્ક ઓફ બરોડા ઉમરેઠ શાખાનો ખાતામાં જમા કરાવતા ફંડ ઈન સફીસીયન્ટના શેરા સાથે પરત આવેલ. ત્યારબાદ અમોએ આરોપીને નોટીસ આપતા આઓરપીએ નોટીસના જવાબમાં ખોટી તરારો લીધેલી છે. ફરીયાદીને સીકયુરીટી પેટે ચેક આપેલો નથી. આરોપીએ અમારા માંગતા લેણા પેટે ચેક આપેલો છે. તેમજ આરોપીએ નોટીફસના જવાબના પેરા–૮ માંખોટી તકરારો લીધેલી છે. ફરીયાદી જે કંઈ લાઈટબીલ વાપરતા તેના નાંણા આરોપીને રોકડા ચુકવી આપતા તેમ છતા આરોપીએ લાઈટબીલની રકમ ચુકવી આપેલી નહી જેથી લાઈટ કનેકશન કપાઈ ગયેલ તેમાં અમારી કોઈ કસુર ન હતી. તેમજ ઘરનો વેરો અમારી કસુરને કારણે ભરવો પડેલ હોય વિગેરે હકીકત ઉપજાવી કાઢેલી છે તેમજ નોટીસના જવાબના પેરા–૯ માં ફરીયાદી ઉપર આરોપીએ ખોટા આક્ષેપો કરેલા છે. ફરીયાદી નારાયણ જવેલર્સમાં કયારેય નોકરી કરી નથી તેમ છતા ખોટા આક્ષેપો અમારી સામે કરેલા છે. વ્યાજે રૂપીયા આપતા નથી. જેથી અમારી પાસે ધીરધારનુ લાઈસન્સ નથી. તમો આરોપીએ ફરીયાદી ઉપર ખોટા આક્ષેપો કરેલા છે. જેથી ફરીયાદીએ તા.૧/૧૦/૨૨ ના રોજ ફરીથી નોટીસ આરોપીને આપેલી. જે નોટીસ તા.૭/૧૦/૨૨ ના રોજ બજી ગયેલી. જેમાં ફરીયાદએ અમારી ખરી હકીકતો જણાવેલી છે. આમ આ કામના તો.દારે ફરીયાદીને આપેલ ચેક વગર સીકરાયે પરત આવેલ હોઈ સદર ચેકના નાણા ફરીયાદીને મળેલ ન હોય તેમજ તો.દારે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ

એકટની કલમ ૧૩૮ તથા ૧૪૨ મુજબનો કેદ તથા દંડની શિક્ષાને પાત્ર ગુનો કરેલ હોય તો.દારને યોગ્ય નશ્યત કરાવવા માટે હાલની ફરીયાદ કરેલ છે.

આમ, આ કામના આરોપીએ ફરીયાદીને આપેલ ચેક વગર સ્વીકારાયે પરત આવેલ હોય અને સદર ચેકના નાણાં ફરીયાદીને મળેલા ન હોય તેમજ આરોપીએ નોટીસમાં જણાવ્યા મુજબ વર્તન નહી કરી એન.આઈ.એકટ ની કલમ–૧૩૮ મુજબનો શિક્ષાત્મક ગુનો કરેલ હોઈ આરોપી વિરૂધ્ધ હાલની ફરીયાદ કરેલ છે.

(૨) આ કામે ફરીયાદી ધ્વારા રજુ થતા સૌ પ્રથમ ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–૨૦૦ મુજબનુ વેરીફીકેશન અત્રેની અદાલત ધ્વારા લેવામાં આવેલ છે, જે વેરીફીકેશનના અંતે આરોપી વિરુધ્ધની ફરીયાદ પ્રથમદર્શનીય જણાતા, અદાલતે ગુનાનુ સંજ્ઞાન લઈ ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–૨૦૪ હેઠળ આરોપી ઉપર પ્રોસેસ કાઢવાનો હુકમ કરેલ છે.

(૩) આ કામે હુકમ મુજબના પ્રોસેસની બજવણી આરોપી ઉપર થતાં તેઓ અદાલત સમક્ષ હાજર રહેલ છે. આરોપી અદાલત સમક્ષ હાજર થતાં આંક–૦૬ થી તેઓનુ ગુના સંબંધેનુ નિવેદન(પ્લી) નોંધવામાં આવેલ છે. સદર નિવેદનમાં આરોપીએ ફરીયાદની નકલ મળેલ હોવાનુ કબુલ રાખી તેમની સામેના તહોમતનો ઈન્કાર કરી કેસની કાર્યવાહી આગળ ચલાવવા માગતા હોવાનુ જણાવેલ છે.

(૪) આ કામે ફરીયાદ પક્ષ ધ્વારા પોતાનો કેસ પ્રસ્થાપિત કરવા માટે નીચે મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

મૌખીક પુરાવોઃ–

| આંક | મૌખીક પુરાવાઓનુ વર્ણન |
|---|---|
| ૦૫ | ટીનુભાઈ મહીજીભાઈ ભોઈનું સરતપાસનું સોગંદનામું |

દસ્તાવેજી પુરાવો:–

| આંક | દસ્તાવેજી પુરાવાઓનું વર્ણન |
|---|---|
| ૦૭ | અસલ ચેક (ચેક નં.૦૦૦૦૨૯, તા.૧૫/૦૭/૨૦૨૨) |
| ૦૮ | આરોપીએ આપેલ ચેક બેંકમાં ભર્યા અંગેની સ્લીપ |
| ૦૯ | ચેક રીટર્ન મેમો (તા.૦૫/૦૯/૨૦૨૨) |
| ૧૦ | નોટીસની ઓફીસ કોપી |
| ૧૧ | પોસ્ટની આર.પી.એ.ડી ની અસલ રસીદ |
| ૧૨ | ઓનલાઈન ટ્રેક કન્સાઈનમેન્ટ |
| ૧૩ | આરોપીએ ફરીયાદીને આપેલ નોટીસનો જવાબ |
| ૧૪ | ફરીયાદીએ આરોપીને નોટીસના જવાબના અનુસંધાને આપેલ ખુલાસો |

૧૫ નોટીસના જવાબનો ખુલાસો આરોપીને બજી ગયેલ તે ઓનલાઈન ટ્રેક કન્સાઈનમેન્ટ

આ કામે ફરિયાદ પક્ષ તરફે <u>આંક–૨૦</u> થી ક્લોઝીંગ પુરશીશ રજુ કરી વધુ કોઇ પુરાવો રજુ કરવાનો નહી હોવાનુ જાહેર કરેલ છે.

**(૫)** આ કામે ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયાની પુરસીસ રજુ થતાં ફરીયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ આ કામે રજુ થયેલ પુરાવો ધ્યાને લઇ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ મુજબ આરોપીનુ વિશેષ નિવેદન લેવામાં આવેલ છે. જેમાં આરોપીએ તેઓ નિર્દોષ હોવાનુ, તહોમત મુજબનો ગુનો તેઓએ કરેલ ન હોવાનું તથા <u>ફરીયાદીને રૂપિયા ચુકવી આપેલ તેમ છતા તો.દારના ફરીયાદી પાસે પડેલ ચેકનો તેમણે દૂરૂપયોગ કરેલ છે તેવુ</u> જણાવેલ છે.

**(૬)** આ કામે આરોપી પક્ષ ધ્વારા પોતાનો કેસ પ્રસ્થાપિત કરવા માટે નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

<u>દસ્તાવેજી પુરાવો</u>:–

| <u>આંક</u> | <u>દસ્તાવેજી પુરાવાઓનું વર્ણન</u> |
|---|---|
| ૩૩ | ફરિયાદીએ આરોપીને પરત આપેલ અસલ ચેક |
| ૩૪ | આરોપીની બેંક પાસબુક અસલ |
| ૩૫ | ફરીયાદીએ આરોપીને પરત આપેલ અસલ કરાર |

આ કામે આરોપી પક્ષ તરફે <u>આંક–૨૬</u> થી ક્લોઝીંગ પુરશીશ રજુ કરી વધુ કોઇ પુરાવો રજુ કરવાનો નહી હોવાનુ જાહેર કરેલ છે.

**(૭)** આ કામે ફરીયાદીના વિ.વ.શ્રી ધ્વારા તેની ફરીયાદ, સરતપાસ તથા રેકર્ડ પર રજુ થયેલ પુ–રાવા મુજબ દલીલો ગણી લેવા રજુઆત કરેલ છે અને આંક–૩૦ થી લેખિત દલીલો પણ રજૂ કરેલ છે આ કામના ફરીયાદીએ તેઓની લેખીત દલીલોમા તેઓની ફરીયાદ મુજબની દલીલો કરેલ છે અને વધુમાં રજુઆત કરેલ છે કે, આંક–૩૫ થી રજુ ફરીયાદી તથા આરોપી વચ્ચે કબજાગીરોનુ લખાણ થયેલ તેની કોપી રજુ કરેલી છે. ફરીયાદીની ફરીયાદની હકીકત તથા કબજાગીરોમાં જણાવેલ હકીકત જોતા સ્પષ્ટ થાય છે કે ફરીયાદીએ આરોપીની દુકાન રૂા.૫,૦૦,૦૦૦/– માં ગીરો રાખેલી અને ગી–રોની અવેજની રકમ રૂા.૩,૦૦,૦૦૦/– સાક્ષી રૂબરૂ મળી ગયેલા બાબતનુ લખાણ થયેલુ છે. આમ ફરીયાદીએ આરોપીને કબજાગીરોનુ લખાણ કરી નોટરી તથા સાક્ષીની રૂબરૂ રૂા.૩,૦૦,૦૦૦/– ચુ–કવી આપેલ છે. ફરીયાદીએ આરોપીને કબજાગીરોનુ લખાણ કરી દુકાન ગીરો આપી ત્યારબાદ આરોપી દુકાન વેચાણ કરી દેવાની પેરવી કરતા હોવાથી ગીરો પેટેની બાકી રકમ રૂા.૨,૦૦,૦૦૦/– ફરીયા–દીએ આરોપીને આપેલા નહી. આરોપી તેઓની દુકાન વેચાણ કરવા માંગતા હોવાથી ફરીયાદીએ

રૂા.૩,૦૦,૦૦૦/– પરત માંગણી કરતા ફરીયદમાં જણાવ્યા મુજબ માંગતા લેણાં પેટે બેન્ક ઓફ બરોડા ઉમરેઠ શાખાના ચેક નં.૦૦૦૦૨૨ તા.૧૨/૦૫/૨૦૨૨ ના રોજનો એકાઉન્ટ પે ચેક આપે–લો. સદર ચેક બેન્કમાં કલીયરીંગ માટે જમા કરાવતા આરોપીએ કર્ન્ફમેશન આપેલ નહી જેથી ચેકના અવેજની રકમ મળેલી નહી. સદર અસલ ચેક ફરીયાદીએ આરોપીને પરત આપી દીધેલ જે આંક–૩૩ થી રજુ કરેલ છે. ફરીયાદીને ગીરો પેટેની રકમ નહી મળતા ફરીયાદીએ આરોપી પાસે રૂા.૩,૦૦,૦૦૦/– ની વારંવાર માંગણી કરતા બેન્ક ઓફ બરોડા ઉમરેઠ શાખાનો ચેક નં. ૦૦૦૦૨૭ તા.૨૭/૦૫/૨૦૨૨ ના રોજનો રૂા.૨,૦૦,૦૦૦/– નો તથા બીજો ચેક બેન્ક ઓફ બરોડા ઉમરેઠ શાખાનો ચેક નં. ૦૦૦૦૨૯ રૂા.૧,૦૦,૦૦૦/– નો વિગતો ભરી સહી કરી આપેલો. ત્યારબાદ આરોપીએ આપેલ ચેક નં. ૦૦૦૦૨૭ તા.૨૭/૦૫/૨૦૨૨ ના રોજનો રૂા.૨,૦૦,૦૦૦/– નો ખાતામાં જમા કરાવતા તેના નાણાં અમો ફરીયાદીને મળી ગયેલા. ત્યારબાદ તા. ૧૫/૦૭/૨૦૨૨ ના રોજનો ચેક નં. ૦૦૦૦૨૯ નો રૂા.૧,૦૦,૦૦૦/– ની રકમનો ખાતામાં જમા કરાવતા આરોપીના ખાતામાં અપુરતા નાણાં હોય પરત ફરેલો. જેથી હાલની ફરીયાદ કરેલી છે. સદર રકમ ફરીયાદીની કા–યદેસરની લેણી રકમ છે. જે ચુકવી આપવાની આરોપીની જવાબદારી છે. તેમ છતા આરોપીએ ચુકવી આપેલી નથી. આમ સદર કરારથી યાને કબજાગીરોના લખાણથી ફરીયાદીનુ લેણું કાયદેસરનું લેણું છે તે સાબીત થાય છે. જેથી આ કામ ના તો.દાર સામે સજા તેમ વળતર નો હુકમ કરવા અરજ કરેલ છે. આમ તમામ તત્વો પુરવાર કરેલ હોય જેથી આ કામ ના તો.દાર સામે ગુનો પુરવાર થતો હોય જેમાં તો.–દાર ને સજા તેમજ ચેકના અવેજની રકમ વળતર તરીકે ચુકવવા અરજ કરેલ છે.

આ કામે આરોપીના વિ.વ.શ્રી ધ્વારા આંક–૩૧ થી લેખીત દલીલો રજુ કરેલ છે અને રજુ–આત કરેલ છે કે, ફરીયાદીએ આરોપી પાસે રૂા.૩,૦૦,૦૦૦/– ની માંગણી કરતા આરોપીએ જણા–વેલ કે સદર દુકાનની બોણીની મુદત પાંચ વર્ષની નક્કી કરેલી છે. હાલ આરોપી પાસે રૂા.૩,૦૦,૦૦૦/– ની વ્યવસ્થા થઈ શકે તેમ નથી આરોપીએ ફરીયાદીને જણાવેલ કે હાલ પૈસાની વ્યવસ્થા નથી જેથી આરોપીએ સદર કામના ફરીયાદીને રૂા.૩,૦૦,૦૦૦/– નો બેંક ઓફ બરોડા, ઉમરેઠ શાખાનો ચેક નં.૦૦૦૦૨૨ તા.૧૨/૦૫/૨૦૨૨ ના રોજનો એકાઉન્ટ પે ચેક આપેલો. સદર ચેક આપેલ ત્યારે આરોપીના ખાતામા લમસમ રૂા.૩,૪૫,૦૦૦/– જેટલુ બેલેન્સ હતુ. અને વધુમાં આરોપી જણાવે છે કે આ કામના ફરીયાદી તેઓની આંક–૦૫ ની ઉલટતપાસમાં જણાવે છે કે ફરીયા–દીને અને આરોપી વચ્ચે બાજરી આપવાનો તથા અન્ય રોકડ રકમ આપવાનો એમ કુલ રૂા.૪૦,૦૦૦/– નો વ્યવહાર થયેલો. અને રૂા.૪૦,૦૦૦/– ના વ્યવહાર સિવાય રોકડ રકમનો બીજો કોઈ વ્યવહાર થયેલ નથી. આ કામના ફરીયાદીએ તેઓની ડીમાન્ડ નોટીસ, ફરીયાદ તથા સર–તપાસના સોગંદનામામાં આરોપીને રૂપિયા ત્રણ લાખ બીજા પાસેથી લાવીને આપેલા છે. તેવી હકીકત લખાવેલી નથી. અને જણાવેલ છે કે ફરીયાદી જેની પાસે વ્યાજે રૂપિયા લાવે તેને ફરીયાદીએ વ્યાજ ચુકવવુ પડતુ હતુ. ફરીયાદી સ્વિકારે છે કે જેટલો સમય મુડી પરતના આવે એટલો સમય આરોપી પાસે

ફરીયાદીને વ્યાજ લેવાનું થતુ હતુ. ફરીયાદી એ હકીકતનો સ્વિકાર કરે છે કે આંક–૩૪ વાળી પાસબુ– કમાં તા.૧૨/૦૫/૨૦૨૨ ના રોજ રૂપિયા ત્રણ લાખ છેતાલીસ હજાર નવસો ને એકતાલીસ રૂપિયા ને પાંત્રીસ પૈસા બેલેન્સ જમા રહેલ હતુ તેવુ પાસબુકમાં દર્શાવેલ છે અને જણાવે છે કે તા.૨૩/૦૫/૨૦૨૨ સુધી આરોપીના બેંક ખાતામાં રૂપિયા ત્રણ લાખથી વધુ રકમ જમા હતી તેવુ પાસબુકમાં દર્શાવેલ છે. અને જણાવે છે કે આરોપીને નાણ ચુકવવાનો ઈરાદો હોવાથી ફરીયાદીને તે– મના ખાતાનો રૂપિયા બે લાખનો ચેક આપેલો. જે ચેક તેઓએ બેંકમાં રજુ કરતા સ્વિકરાઈ ગયેલ અને તેના પૈસા તેઓને મળી ગયેલા. અને જણાવે છે કે ગીરોની તકરાર પુર્ણ થયા બાદ ફરીયાદીએ આરો– પીને કોઈ ચેક આપેલ નથી. અને જણાવે છે કે એક જ ચેક પરત આપેલો. ફરીયાદી એ હકીકતનો સ્વિકાર કરે છે કે ચેકમાં તા.૧૫/૦૭/૨૦૨૨ માં પાતળા પોઈન્ટ વાળી બોલપેનથી લખેલ અક્ષરો છે. જ્યારે એકાઉન્ટ પે જાડા પોઈન્ટ વાળી પેનથી ઘાટા અક્ષરોમાં લખેલ છે. ચેકની પાછળ સહી અને મોબાઈલ નંબર ફરીયાદીના છે. અને જણાવે છે કે આ ચેકના લખાણમાં કોઈપણ પ્રકારના સુધારા કરવાની સુચના લેખીત કે મૌખીક આરોપીએ ફરીયાદીને આપેલ ન હતી. ફરીયાદી એ હકીકતનો સ્વિ– કાર કરે છે કે તેઓએ હાલના કેસમાં આરોપીને નોટીસ બજી ગયેલ હોય તેવી એક્નોલેજમેન્ટ રસીદ રજુ કરેલ નથી. અને આરોપીએ તેમના લેખીત જવાબમાં રૂપિયા ત્રણ લાખ ચુકવી દીધેલ હોવાનું અને કોઈ લેણી રકમ બાકી ના હોવાનું જણાવેલું.

ઉપરની તમામ દલીલોને ગ્રાહ્ય ગણી આરોપીને નિર્દોષ ઠરાવી સદર ફરીયાદના આરોપમાંથી મુક્ત કરવા અરજ કરેલ છે. ફરીયાદીની ફરીયાદ રદ કરી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે. હવે પછી ચુકાદાના કારણોમા તેની યથાસ્થાને યોગ્ય ચર્ચા કરવામાં આવેલ છે.

(૮) ઉપરોકત રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ તથા રજુઆતના આધારે સદર કામનો ગુણદોષ ઉપર નિર્ણય કરવા અત્રેની કોર્ટ સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

૧) શું ફરીયાદપક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, ઉપરોક્ત પેરા–૧ ની વિગતે ફરિયાદીના કાયદેસરના લેણા પેટે આ કામના આરોપીએ પોતાના બેંક ખાતાનો <u>ચેક નં.૦૦૦૦૨૯, રૂા.૧,૦૦,૦૦૦/– તા.૧૫/૦૭/૨૦૨૨</u> ના રોજ નો ફરીયાદીને સહી કરી આપેલ અને સદરહુ ચેક પાકતી મીતીએ અચૂક સ્વીકારાઈ જશે તેવો ભરોસો અને વિશ્વાસ આરોપીએ ફરીયાદીને આપેલ. જે ચેક ફરીયાદીએ વટાવવા માટે બેંક્મા રજુ કરતા ફરીયાદીની બેંકે <u>ચેક</u> **<u>"ફંડ ઈનસફીસીયન્ટ"</u>** <u>ના મેમા</u> સાથે સ્વીકારાયા વગર પરત કરેલ. જેથી, ફરીયાદીએ આરોપીને <u>એન.આઈ.એકટ ની કલમ–૧૩૮</u> મુજબ લીગલ નોટીસ ફરમાવેલી. જે કાયદેસરની નોટીસ આરોપીને બજાવેલ હોવા છતા આરોપીએ નોટીસમાં જણાવ્યા મુજબ વર્તન કરવાની કસુર કરી નોટીસ મળ્યાના દિન–૧૫ સદરહું ચેકના અવેજની રકમ ફરીયાદીને ચુકવી આપેલ ન હોઇ આ કામના આરોપીએ <u>એન.આઈ.એકટ ની કલમ–૧૩૮</u> મુજબનો શિક્ષાત્મક ગુનો

કરેલ છે.?

૨) શું હુકમ?

(૯) ઉપરોકત મુદ્દા અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧) હકારમાં,

૨) આખરી હુકમ મુજબ.

**-:: કારણો ::-**

મુદા નં.૧.

**(૧૦)** આ કામના આરોપી વિરુધ્ધ ધી નેગોશ્યેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબનુ શિક્ષાનેપાત્ર કૃત્ય કરેલ હોવાનો આરોપ છે, જેમાં ફરીયાદ પક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવાઓથી નીચે મુજબના તત્વો પુરવાર થવા જોઈએ.

આવશ્યક તત્વો:-

(A) પોતે રાખેલા (નિભાવતા) બેંકના ચોકકસ ખાતામાંથી રકમ ચૂકવવા બાબતે ચેકના કર્તા ધ્વારા ખતના નાણા લેનાર ( Payee ) કે ફરીયાદી ( Complainant ) ને ચેક આપેલ હોવો જોઈએ.

(B) આવો ચેક દેવા અથવા જવાબદારીના સંપુર્ણ કે અંશત: ચુકવણાં માટે આપેલ હોવો જોઈએ,

(C) આવો ચેક ત્રણ મહીના અથવા તેની કાયદેસરની વેલીડીટી પીરીયડ બેમાંથી જે વહેલું હોય તે મુદતની અંદર બેંકમાં રજુ થયેલો હોવો જોઈએ.

(D) આવો ચેક અપુરતાં ભંડોળના કારણે કે બેંક સાથે કરવામાં આવેલ વ્યવસ્થા કરતાં વધુ રકમનો હોવાનાં કારણે વગર ચુકવણે પરત થયેલો હોવો જોઈએ.

(E) આવો ચેક વગર ચુકવ્યે પરત થયાની બેંક ધ્વારા જાણ કરવામાં આવ્યાના ૩૦ દિવસની અંદર નોટીસ ધ્વારા ચેક લખનારને જાણ કરી ચેકની રકમની માંગણી કરવી જોઈએ.

(F) આવી રકમની માંગણી કરતી નોટીસ ચેક લખનારને મળ્યાના પંદર દિવસમાં ચેક લખનાર ચેકની રકમની ચુકવણી ન કરે તો તેના એક માસમાં ચેકના પેઈ અથવા હોલ્ડર ઈન ડ્યુ કોર્સ હોય તેણે ફરીયાદ કરેલ હોવી જોઈએ.

આમ, ઉપર મુજબની શરતો સંતોષાતી હોય, તો જ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ ૧૩૮ અન્વયે ફરીયાદ ટકવાપાત્ર (Maintainable) ગણી શકાય. વધુમાં હાલનો કેસ એક સમરી/સમન્સ ટ્રાયેબલ ગુનાનો કેસ છે. જે કેસમાં કોર્ટ એ નિર્ણય પર આવવાના કારણોની સંક્ષિપ્ત માં ચર્ચા કરવાની રહે છે. વધુમાં આ કામે આરોપી વિરૂધ્ધ ફરીયાદ પક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ

પુરાવાઓનું મુલ્યાંકન અને ચર્ચા કરી કોઈ નિષ્કર્ષ પર આવતા પુર્વ ફોજદારી ન્યાયશાસ્તનો મુળભુત સિધ્ધાંત ધ્યાને લેવો આવશ્યક છે. ભારતમાં સામાન્ય રીતે વટાવખત અધિનીયમ અંતર્ગતના ફોજદારી કેસો સિવાયના અન્ય ફોજદારી કેસોમાં અપનાવવામાં આવેલ ફોજદારી ન્યાયશાસ્ત્રનો મુખ્ય અને મહત્વનો સિધ્ધાંત છે કે ફરીયાદ પક્ષે આરોપી વિરુધ્ધ આરોપવામાં આવેલ ગુનાનો આરોપ નિશંક પણે પુરવાર કરવાનો રહે છે, અને આરોપી પક્ષે પોતે નિર્દોષ છે તેવુ પુરવાર કરવાનું રહેતું નથી. તેમજ ફરીયાદપક્ષે પોતાના સ્વતંત્ર, સબળ અને સ્પષ્ટ પુરાવા દ્વારા આવી હકીકત પુરવાર કરવાની રહે છે. ભારતીય ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત અનુસાર ફરીયાદ પક્ષ બચાવ પક્ષના કેસની નબળાઈનો લાભ લઈ પોતાનો કેસ પુરવાર કરી શકતો નથી. પરંતુ હાલનો કેસ નેગો.ઈન્સ્ટ્રુમેન્ટ એકટ અંતર્ગતનો કેસ છે, ત્યારે તે કાયદાની કલમ-૧૧૮ તથા ૧૩૯ માં ચેક અંગે અમુક અનુમાનો પણ આપવામાં આવેલ છે, જે ધ્યાને લેવા આવશ્યક છે. વધુમાં, આ કામે આરોપી સામે જ્યારે, ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબના ગુનાનો આક્ષેપ છે ત્યારે કોર્ટે એ હકિકત પણ ધ્યાને લેવાની રહે છે કે નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ તળેના કેસો અંગે ધારાસભાએ ડોકટરીન ઓફ રીવર્સ બર્ડનની જોગવાઈ કરેલ છે એટલે કે વટાવખત અધિનીયમ ની કલમ-૧૩૮ અંતર્ગતના ફોજદારી કેસમાં શરૂઆતની હકિકત જેવી કે ચેક ઈસ્યુઅન્સ અને ચેક પરની આરોપીની સહી અને જે વ્યવહાર માટે ચેક આપવામાં આવેલ હોવાનું જણાવતા હોય તે વ્યવહાર ફરીયાદી પુરવાર કરે તો અદાલતે આરોપી વિરૂધ્ધ કેટલાક અનુમાનો કરવાના રહે છે. જે અનુમાનો કાયદા દ્વારા કરવામાં આવેલા અનુમાનો છે અને તે મુજબનું અનુમાન કરવા માટે કોર્ટ કાયદા દ્વારા બંધાયેલી છે. પરંતુ તે અનુમાનો, ખંડનાત્મક અનુમાનો છે અને તે અનુમાનોનુ ખંડન કરવાનો બોજો આરોપી પક્ષ પર છે. જે અનુમાનોનું ખંડન આરોપી પક્ષે પોતાનો સંભવીત અને માની શકાય તેવો બચાવ રજુ કરીને કરવાનો છે. આવો બચાવ રજુ કરવા માટે આરોપી પક્ષે જાતે કોઈ પુરાવો રજુ કરવાની કે સાક્ષી તરીકે જુબાની આપવાની આવશ્યકતા નથી. આરોપી પક્ષ આવો બચાવ ફરીયાદ પક્ષના પુરાવા પરથી પણ શંકા ઉત્પન્ન થાય તેવી હકીકત કે સંજોગો રેકર્ડ પર લાવી ને કરી શકે છે. આવો પ્રોબેબલ બચાવ રજુ કરવાનો અર્થ માત્ર સુચનો કરવા તેવો પણ થતો નથી, પરંતુ આવો સંભવીત બચાવ એવી રીતે રજુ થવો જોઈએ કે જેના આધારે સામાન્ય સમજણ શક્તિવાળો વ્યકિત તે બચાવને સંભવીત અને સામાન્ય રીતે માનવા યોગ્ય માની શકે. તેમજ બચાવપક્ષે જે સૂચનો કરેલા હોય તેના સમર્થનમાં થાડા ઘણા અંશે કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ હોવો જોઈએ. પરંતુ સમર્થનકર્તા કોઈ આધાર કે પુરાવા સીવાયના 'માત્ર સુચનો' ને પ્રોબેબલ ડીફેન્સ માની શકાય નહી. જે સિધ્ધાંતને નજર સમક્ષ રાખીને હાલના કેસમાં રજુ થયેલા પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવેલ છે.

**(૧૧)** આ કામે ફરીયાદ વાળા ચેક, પોતે રાખેલા (નિભાવતા) બેંકના ચોકકસ ખાતામાંથી રકમ ચૂકવવા બાબતે, ચેકના કર્તા દ્વારા ખતના નાણા લેનાર ( Payee ) કે ફરીયાદી ( Complainant ) ને, આપેલ છે કે કેમ ? અને આવો ચેક દેવા અથવા જવાબદારીના સંપુર્ણ કે

અંશત: ચુકવણાં માટે, આપેલ છે કે કેમ ? આ બાબતની સમિક્ષા ધી નેગોશ્યેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ– ૧૩૮ અને ૧૩૯ ના અર્થઘટન, અનુમાન અને બન્ને પક્ષે રજુ થયેલ પુરાવાના આધારે જ કરી શકાય. જેની ચર્ચા અત્રે હવે પછી કરવામા આવેલ છે.

**(૧૧.૧)** આ કામે ફરીયાદપક્ષે પોતાની આંક–૦૧ ની ફરીયાદના સમર્થનમાં વિસ્તૃત પુરાવો રજુ કરેલ છે. આ કામે આંક–૦૫ થી ફરીયાદીની સરતપાસનું સોગંદનામું રજુ થયેલું છે જેમાં તેમણે ફરીયાદની હકિકતોનું સમર્થન કરેલ છે. આ કામના ફરીયાદી તેમની બચાવપક્ષ દ્બારા લેવામાં આવેલી ઉલટતપાસ મા જણાવે છે કે, "હું બી. કોમ. સુધી ભણેલો છું. હું ખેતી તથા પશુપાલનનો ધંધો કરુ છું. મારે બે વિઘા ભાગે આવેલી જમીન છે. વર્ષે હુ બે થી અઢીલાખ રૂપિયાની આવક ધરાવુ છું. મારા કુટુંબમાં અમો કુલ ચાર માણસો છીએ. મારે દર માસે રૂપિયા પાંચ હજાર જેટલો ખર્ચ છે. મારા કુટુંબનો ખર્ચો આ પાંચ હજાર રૂપિયામાં નીકળી જાય છે. એ વાત ખરી છે કે બેન્કમાં ખાતુ ધરાવુ છું. એ વાત ખરી છે કે ખેતીમાં દર વર્ષ એક સરખી આવક થતી નથી. મારે દર વર્ષે ખર્ચો કાઢતા રૂપિયા ૬૦ થી ૭૦ હજાર રૂપિયા જેટલી બચત થાય છે. એ વાત ખરી છે કે ૨૦૧૯ ની સાલમાં મારી પાસે કોઈ બચત ના હતી. હું વ્યાજ પૈસા ધીરવાનો ધંધો કરતા નથી. હું કોઈ મિલકતો ઉપર ધીરધાર કરવાનો ધંધો કરતો નથી. એ વાત ખરી છે કે આરોપી અને મારી વચ્ચે ધીરધારનો કોઈ વ્યવહાર થયેલ નથી. એ વાત ખરી નથી કે મારે અને આરોપી વચ્ચે હાથ ઉછીના પૈસા આપવાનો કોઈ વ્યવહાર થયેલ નથી. મારે અને આરોપી વચ્ચે બાજરી આપવાનો તથા અન્ય રોકડ રકમ આપવાનો એમ કુલ ૪૦ હજાર રૂપિયાનો વ્યવહાર થયેલો. એ વાત ખરી છે કે આ ૪૦ હજાર ના વ્યવહાર સીવાય રોકડ રકમનો બીજો કોઈ વ્યવહાર થયેલ નથી. એ વાત ખરી છે કે મારી અને આરોપી વચ્ચે આરોપીની દુકાન ગીરે રાખવાના પેટે રૂપિયા ૩ લાખ ની મુડી મે જાતે ચુકવેલી નથી. એ વાત ખરી છે કે મારી ડીમાન્ટ નોટીસ, આંક ૧ ની ફરીયાદ તથા સરતપાસના સોંગદનામા આરોપીને રૂપિયા ૩ લાખ બીજા પાસેથી વ્યાજે લાવીને આપેલા છે તેવી હકિકત લખાવેલી નથી. એ વાત ખરી છે કે હુ જેની પાસે થી વ્યાજે રૂપિયા તેને મારે વ્યાજ ચુકવુ પડતુ હતુ. એ વાત ખરી છે કે જેટલો સમય મુડી પરત ના આવે તેટલો સમય આરોપી પાસે મારે વ્યાજ લેવાનુ થતુ હતુ. એ વાત ખરી નથી કે આરોપીએ મે જે રકમ પેટે વ્યાજ ચુકવી તેના બદલામાં તેમણે મને અવરનવાર હજાર, પાંચ હજરા આપેલા. એ વાત ખરી નથી કે મે જે વ્યાજ ચુકવ્યુ તે વ્યાજની રકમ આરોપી પાસેથી લેવાના પૈસામાં ઉમેરલ હતી. એ વાત ખરી છે કે આરોપી અને મારી વચ્ચે તા. ૧૮/૧૨/૨૦૧૯ બુધવાર ના રોજ લખાણ કરવામાં આવેલ. મને આ કામે નિશાની ૩/૧૦ થી રજુ થયેલ લખાણ ની ઝેરોક્ષ તથા નીશાની ૧૯/૩ થી રજુ થયેલ આ જ લખાણની અસલ નકલ બતાવામાં આવે છે તે જોઈને કહુ છુ કે આ બંને લખાણ એક જ છે. અને તેમા મારી અને આરોપીની અને બે સાક્ષીઓની સહી છે. જે ખરી અને સાચી છે. અને આ લખાણ નોટીર રૂબરૂ થયેલ છે.એ વાત ખરી છે કે આ લખાણ ની લેણી રકમ રૂપિયા ૩ લાખ પેટે આરોપીએ મને તેમના બેન્ક ઓફ બરોડાનો ઉમરેઠ શાખાનો તા. ૧૨/૦૫/૨૦૨૨ ના રોજ રૂપિયા ૩ લાખ નો ચેક આપેલો. એ વાત

ખરી છે કે આરોપીએ મને આ લેણી રકમનો ચેક આપતા મારે અને આરોપી વચ્ચે કરેલ આ લખાણ અમોએ કેન્સલ કરેલ. એ વાત ખરી છે કે આ ચેક મળ્યા બદલ મે નીશાની ૧૯/૩ વાળા અસલ લખાણ પર સ્વીકૃતી નો શેરો કરી ને મારી સહી કરી આપેલ. એ વાત ખરી છે કે આ ચેક એકાઉન્ટ પેઈ ચેક હતો. મને નીશાની ૧૯/૧ વાળો અસલ ચેક બતાવામા આવે છે. જે જોઇને કહુ છુ કે તે ચેક મને આરોપીએ આ લખાણ પેટે આપેલ હતો તે ચેક જ છે. એ વાત ખરી છે કે આ ચેક મે મારા બેન્ક ખાતામાં તા. ૧૩/૫/૨૨ ના રોજ જમા કરાવેલ. એ વાત ખરી છે કે જો આ ચેક બેન્ક માં જમા કરાવત અને આરોપીના ખાતામાં ચેકમાં લખેલ રકમ જેટલી રકમ જમા રહેલ હોત તો ચેક ના નાણા મારા ખાતામાં જમા થઇ શકે તેવો એકાઉન્ટ પેઇ ચેક હતો. એ વાત ખરી છે કે આ ચેક ક્લીયરન્સમાં મોકલતા બેન્ક અધિકારીએ સદર ચેક અલ્ટ્રા વાઇલેટ મશીન થી ચેક કર્યાનો અને પેમેન્ટ ચુકવણી કરવા માટે સાચો હોવાનો ચેક પર બેન્ક નો સીકકો મારી બેન્ક અધિકારીએ તેમની સહી પણ કરેલી હતી. એ વાત ખરી છે કે આ ચેક બેન્ક માં ભર્યો તે સમય ચેકની પાછળ મે મારો મો. નં. અને બેન્ક એકાઉન્ટ નંબર પણ લખેલ હતો. એ વાત ખરી છે કે આ ચેક લખવામાં આવેલ ત્યાર થી ત્રણ માસ સુધી અમલ રહે તેવો હતો. એ વાત ખરી નથી કે આ ચેક મે બેન્ક માં ભર્યો તે કોઇ પણ કારણસર રીટર્ન થયો હોય તેનો રીટર્ન મેમો બેન્કે મને આપેલ ન હતો. એ વાત ખરી છે કે આ ચેક બેન્ક માં ભરેલ ત્યાર બાદ ફરી કોઈ વાર બેન્કમાં ભરેલ નહી. એ વાત ખરી છે કે આ ચેક કયા કારણસર બેન્ક એ વણ ચુકવેલ પરત કરેલો તેનો કોઇ ખુલાસો કે તેની કોઇ હકિકત મે મારી ડીમાન્ડ નોટીસ કે ફરીયાદ કે પુરાવાના સોગંદનામામાં કરેલ નથી. એ વાત ખરી છે કે નીશાની ૧૯/૧ વાળા અસલ ચેક પાછળ મે બેન્ક અધિકારી રૂબરૂ આ નાણા ઉપાડયા નથી તેવુ લખી મે મારી સહી કરેલી છે. એ વાત ખરી છે કે આ નીશાની ૧૯ / ૧ વાળા ચેકમાં જણાવેલ ત્રણ લાખ રૂપિયા કેમ ઉપાડયા નથી કે ઉપાડવા નથી તેનો કોઈ ખુલાસો કે તેવી કોઇ હકિકત મે મારી ડીમાન્ડ નોટીસ ફરીયાદ કે પુરાવાના સોગંદનામા માં લખેલ નથી. મને નિશાની ૧૯/૨ વાળી અસલ બેન્ક પાસબુક બતાવામાં આવે છે તે જોઇ ને કહુ છુ કે તે બેન્ક ઓફ બરોડાના આરોપીના ખાતાની બેન્ક પાસબુક છે. એ વાત ખરી છે કે નિશાની ૧૯/૧ વાળો ચેક આ જ બેન્ક ખાતાનો છે. એ વાત ખરી નથી કે આરોપીના આ જ બેન્ક ખાતાના બીજા બે ચેક મારી પાસે હતા. એ વાત ખરી છે કે નિશાની ૧૯/૨ વાળી પાસબુકમાં તા. ૧૨/૫/૨૨ ના રોજ રૂપિયા ૩,૪૬,૯૪૧.૩૫/– બેલેન્સ જમા રહેલ હતી તેવુ પાસબુક માં દર્શાવેલ છે. એ વાત ખરી છે કે તા.૨૩/૫/૨૨ સુધી આરોપીના બેન્ક ખાતામાં રૂપિયા ૩ લાખ થી વધુ રકમ જમા હતી તેવુ પાસબુક માં દર્શાવેલ છે.

સવાલ – નીશાની–૧૯/૧ વાળા ચેકમાં મે બેન્ક માં આ નાણા ઉપાડવા નથી તેવો શેરો કર્યો ના હોત તો આ નાણા મારા ખાતામાં જમા થયા હોત.?

જવાબ – મે જ્યારે આ ચેક બેન્ક જમા કરાવેલ ત્યારે બેન્ક માંથી આરોપીએ ચેક કલીયર કરવા કન્ફરમેશન ના આપ્યુ ત્યારે મે બેન્કમાંથી ચેક પાછો લઇને આરોપીને પરત આપેલ.

એ વાત ખરી છે કે આ ચેક પર નાણા ઉપાડયા નથી તેવો શેરો કરતા બેન્કના અધિકારીએ તમામ સ્ટેમ્પ અને સીગ્નેચર કેન્સલ કરી તેઓ સહી અને બેન્કનો સીલ મારીને ચેક પરત આપેલો. એ વાત ખરી છે કે આરોપીએ આ ચેક કલીયર ન કરવા બેન્કને કોઈ સુચના આપેલ હોઈ તેનો કોઈ લેખીત આધાર બેન્કે મને આપેલ નથી. એ વાત ખરી નથી કે આ ચેક બેન્કમાં જમા કરાવ્યો તે દિવસે આરોપીના ખાતામાં પુરતા પૈસા હતા તેમ છતા મેં બદઈરાદાપૂર્વક આ ચેકના પૈસા નહી ઉપાડીને ચેક પરત લઈ લીધેલો. એ વાત ખરી નથી કે મારી બેન્કમાં લોન ચાલતી હોઈ જો આ ચેકના નાણાં જમા થાત તો મારા ખાતામાંથી ઓટોમેટીક લોન ઈન્સ્ટોલમેન્ટના પૈસા કપાઈ જાત તેથી મે આ ચેકના નાણાં ઉપાડેલા નથી. એ વાત ખરી છે કે આરોપી સાથે ગીરો કરાર કરેલ ત્યારે આપેલ નાણાની સધ્ધરતા નો મને વિશ્વાસ હતો. એ વાત ખરી નથી કે મે આરોપી સાથે કરાર કરીને નાણા ની સધ્ધરતા ની ખાત્રી પેટે ચેક પણ મેળવેલ. એ વાત ખરી છે કે નીશાની ૧૯/૧ વાળો ચેક બેન્ક માંથી પરત લઇને હું આરોપી પાસે ગયેલો. એ વાત ખરી છે કે મારા ખાતામાં પુરતા નાણા છે. એ વાત ખરી છે કે આરોપી નો નાણા ચુકવાનો હોવાથી ઈરાદો હોવાથી મને તેમના ખાતાનો રૂપિયા ૨ લાખનો ચેક આપેલો જે ચેક મે બેન્કમાં રજુ કરતા તે સ્વીકારાય ગયેલો અને તેના પૈસા મને મળી ગયેલા. એ વાત ખરી નથી કે તે દિવસે આ બે લાખ નો ચેક અને એક લાખ રૂપિયા રોકડા આરોપીએ મને આપતા મે અસલ ચેક તેને પરત આપેલો. એ વાત ખરી નથી કે આરોપીએ મને બે લાખનો ચેક અને એક લાખ રૂપિયા રોકડા આપતા તેની તમામ લેણી રકમ ચુકતે થઇ જતા મે નિશાની ૧૯/૩ વાળા લખાણ આ રૂપિયા ચુકતે એવો શેરો કરીને દરેક પાને કેન્સલ ના લીટા મારી અસલ લખાણ આરોપીને પરત કરેલું. એ વાત ખરી છે કે આરોપી અને મારી વચ્ચે થયેલ ગીરો કરાર ની તકરાર પુરી થતા આરોપીએ સદર દુકાન અન્ય ત્રાહીત ને વેચાણ કરી દીધેલ છે. એ વાત ખરી છે કે અમારી ગીરો તકરાર પુર્ણ થતા મે આ દુકાનનો કબ્જો આરોપીને સોપી આપેલ. એ વાત ખરી છે કે ગીરો ની તકરાર પુર્ણ થયા બાદ મે આરોપીને કોઇ ચેક પરત આપેલ નહી. સાહેદ જણાવે છે કે એક જ ચેક પરત આપેલો. એ વાત ખરી છે કે આ દુકાન મોકાની જગ્યા પર આવેલી છે. એ વાત ખરી છે કે આરોપીએ ગીરો ની મુદત પુરી થાય તેના પહેલા દુકાન છોડાવી દીધેલી. એ વાત ખરી નથી કે આ દુકાન વેચાણ રાખવાની મારી તૈયારી ન હતી. એ વાત ખરી નથી કે મોકાની દુકાન જતી રહેતા મને ઘણું દુ:ખ થયેલું. એ વાત ખરી છે કે ગીરો કરાર થયો ત્યારે જે પરિસ્થિતી માં દુકાન હતી તે જ પરિસ્થીતીમાં પરત આપવાનું નકકી થયેલુ હતુ. એ વાત ખરી છે કે આ દુકાન પરત સોપી ત્યારે તેનું લાઈટ કનેકશન કપાઈ ગયેલુ હતું અને લાઇટ બીલ ભરવાનું બાકી હતું. એ વાત ખરી નથી કે આરોપી મારી પાસે પડી રહેલ ચેકની વાંરવાર માંગણી કરેલી. એ વાત ખરી નથી કે મારી પાસે પડી રહેલ ચેકમાં મે તેનો દુરઉપયોગ કરવાના હેતુ થી રૂપિયા એક લાખ ભરી મારા બેન્ક ખાતામાં ભરેલ. મને આંક-૭ વાળો અસલ ચેક બતાવામાં આવે છે તે જોઈ ને કહુ છુ કે આ ચેકમાં કરેલ સહી અને ચેકમાં ભરેલ અન્ય લખાણ વાળા અક્ષરો અલગ અલગ છે તે વાત ખરી નથી. એ વાત ખરી છે કે આ ચેકમાં તારીખ ૧૫/૭/૨૨ પાતળા પોઇન્ટ વાળી બોલપેન થી

લખેલ અક્ષરો છે જયારે એકાઉન્ટ પેઈ જાડા પોઈન્ટ વાળી પેન થી ઘાટા અક્ષરોમાં લખેલ છે. એ વાત ખરી છે કે આ ચેકની પાછળ સહી અને મો. નં. મારા છે. એ વાત ખરી છે કે સદર ચેકની પાછળ ટી.એમ. ભોઈ અને મો. નં. લખેલ લખાણ વાળા હસ્તાક્ષર મારા છે અને ચેકમાં તારીખ, પેઈ અને શબ્દોમાં તથા આકડામાં લખેલ રૂપિયા વાળુ લખાણના હસ્તાક્ષર મરોડ અને એક જ પેન થી લખેલ છે. એ વાત ખરી છે કે આ ચેકના લખાણમાં કોઈ પણ પ્રકારના સુધારા કરવાની સુચના લેખિત કે મૌખિક આરોપીએ મને આપેલી ન હતી. એ વાત ખરી છે કે આ ચેક એકાઉન્ટ પેઈ એવુ મે મારી જાતે લખેલ. એ વાત ખરી છે કે મે મારી નોટીસમાં રૂપિયા ૨૫,૦૦૧/– નોટીસ ખર્ચ ની માંગણી અલગ થી કરેલ છે. એ વાત ખરી છે કે મે હાલના કેસમાં આરોપીને નોટીસ બજી ગયેલ હોય તેવી એકનોલોજમેન્ટ રસીદ રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે મે રજુ કરેલ આંક–૧૨ વાળા પોસ્ટ ના સ્ટેટસ રીપોર્ટમાં કોઈ અધિકારના સહી સીક્કા નથી. એ વાત ખરી છે કે આંક–૧૨ વાળા પોસ્ટના સ્ટેટસ રીપોર્ટમાં તે કોને અને કયા સરનામે મોકલવામાં આવેલ તેનો ઉલ્લેખ નથી. એ વાત ખરી છે કે આરોપીએ મે આપેલ નોટીસનો તેમના વકિલ મારફતે જવાબ આપેલો. એ વાત ખરી છે કે આરોપી એ તેમના લેખીત જવાબમાં ત્રણ લાખ રૂપિયા ચુકવી દીધેલ હોવાનું અને કોઈ લેણી રકમ બાકી ના હોવાનું જણાવેલ. એ વાત ખરી નથી કે આરોપીએ મારા કાયદેસરના લેણા પેટેના ૩ લાખ રૂપિયા મને ચુકવી આપેલ હોવા છતા મારી પાસે પડી રહેલ આરોપીના કોરા ચેકનો દુરુપયોગ કરી આરોપી સામે હાલની ખોટી ફરીયાદ કરેલ છે. એ વાત ખરી નથી કે ખોટી ફરીયાદને સમર્થન આપવા ખોટી જુબાની આપુ છું.” આમ, હાલના કામે ફરીયાદની હકિકત તથા ફરીયાદીની જુબાની ધ્યાને લેતા આરોપીએ વાદગ્રસ્ત ચેક આપેલ હોવાની હકીકત ફલીત થાય છે. જેથી, હાલના કામે ફરીયાદની હકિકત, જુબાની તથા ફરીયાદી દ્વારા રજુ થયેલ તમામ પુરાવો ધ્યાને લેતાં કાયદેસરના લેણા પેટે આરોપીએ ચેક આપેલ હોવાની ઉપરોકત શરત સંતોષાતી હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે.

આ કામે ફરીયાદીની જુબાનીમા સદરહુ સાહેદે બચાવપક્ષના વિ.વ.શ્રી દ્વારા લેવાયેલ મહત્વની તકરારો અંગે ડીનાયલ એટલે કે ઈનકાર કરેલ છે અને સદરહુ સાહેદે કોર્ટ રૂબરૂ આપેલ પુરાવાનું બચાવપક્ષ કોઈ મહત્વપૂર્ણ ખંડન કરી શકેલ નથી. આ બાબતે નામદાર ગુજરાત ઉચ્ચ અદાલતે Khimjibhai **Kurjibhai v/s. The State of Gujarat, reported in 1982 Cr.L.R. (Guj), P.381,** ના ચુકાદામાં નોંધેલ છે કે,

> "Suggestion in cross-examination are no evidence. This proposition of law is good both in the case of the prosecution and the defence. Mere hurling of some such suggestions which are denied, can hardly take the place of proof or evidence. The Law of Evidence is a like both for the prosecution and for the defence. If the accused

wants to establish a certain fact, he has to lead evidence on that score. Such suspicion cannot have any place in the realm of appreciation of evidence. We reiterate that a suggestion denied by a witness remains only a suggestion and has no evidentiary value at all."

આ કામે આરોપી તરફે કહેવાતા ચેક ના તમામ નાણાં ફરીયાદીને ચુકવી આપેલ હોવા છતાં ફરીયાદીએ ખોટા દસ્તાવેજો ઉભા કરીને હાલનો ખોટો કેસ કરેલ હોવાની રજુઆત કરેલ છે તથા કહેવાતો ચેક કાયદેસરની જવાબદારી અદા કરવા માટે આપેલ નહી હોવાનુ કથન કરેલ છે, પરંતુ સદરહુ ચેક કયા કારણોથી અને કયા સંજોગોમાં ફરીયાદીને આપેલ હતો તેનો કોઇ આધારભુત પુરાવો આરોપી તરફે રજુ થયેલ નથી અગરતો સદરહુ ચેકમાં આરોપીની સહી ના હોય કે ખોટી રીતે ફરીયાદીએ ચેક મેળવેલ હોય તેવો કોઈ પુરાવો આરોપી તરફે રજુ થયેલ નથી. આ કામે આરોપી દ્ધારા એવી રજૂઆત કરવામાં આવેલ છે કે આરોપીએ વાદગ્રસ્ત ચેકના તમામ નાણાં ફરીયાદીને ચુકવી આપેલ હોવા છતાં ફરીયાદીએ ખોટી રીતે હાલનો કેસ ઉભો રાખેલ છે. આરોપીની સદરહુ દલીલ લગત ફરીયાદીએ રજૂઆત કરેલ છે કે, આંક-૩૫ થી રજુ ફરીયાદી તથા આરોપી વચ્ચે કબજાગીરોનુ લખાણ થયેલ તેની કોપી રજુ કરેલી છે. ફરીયાદીની ફરીયાદની હકીકત તથા કબજાગીરોમાં જણાવેલ હકીકત જોતા સ્પષ્ટ થાય છે કે ફરીયાદીએ આરોપીની દુકાન રૂ.૫,૦૦,૦૦૦/- માં ગીરો રાખેલી અને ગીરોની અવેજની રકમ રૂા.૩,૦૦,૦૦૦/- સાક્ષી રૂબરૂ મળી ગયેલા બાબતનુ લખાણ થયેલુ છે. આમ ફરીયાદીએ આરોપીને કબજાગીરોનુ લખાણ કરી નોટરી તથા સાક્ષીની રૂબરૂ રૂ.૩,૦૦,૦૦૦/- ચુકવી આપેલ છે. ફરીયાદીએ આરોપીને કબજાગીરોનુ લખાણ કરી દુકાન ગીરો આપી ત્યારબાદ આરોપી દુકાન વેચાણ કરી દેવાની પેરવી કરતા હોવાથી ગીરો પેટેની બાકી રકમ રૂા.૨,૦૦,૦૦૦/- ફરીયાદીએ આરોપીને આપેલા નહી. આરોપી તેઓની દુકાન વેચાણ કરવા માંગતા હોવાથી ફરીયાદીએ રૂ.૩,૦૦,૦૦૦/- પરત માંગણી કરતા ફરીયદમાં જણાવ્યા મુજબ માંગતા લેણાં પેટે બેન્ક ઓફ બરોડા ઉમરેઠ શાખાના ચેક નં.૦૦૦૦૨૨ તા.૧૨/૦૫/૨૦૨૨ ના રોજનો એકાઉન્ટ પે ચેક આપેલો. સદર ચેક બેન્કમાં કલીયરીંગ માટે જમા કરાવતા આરોપીએ કન્ર્ફમેશન આપેલ નહી જેથી ચેકના અવેજની રકમ મળેલી નહી. સદર અસલ ચેક ફરીયાદીએ આરોપીને પરત આપી દીધેલ જે આંક-૩૩ થી રજુ કરેલ છે. ફરીયાદીને ગીરો પેટેની રકમ નહી મળતા ફરીયાદીએ આરોપી પાસે રૂા.૩,૦૦,૦૦૦/- ની વારંવાર માંગણી કરતા બેન્ક ઓફ બરોડા ઉમરેઠ શાખાનો ચેક નં. ૦૦૦૦૨૭ તા.૨૭/૦૫/૨૦૨૨ ના રોજનો રૂા.૨,૦૦,૦૦૦/- નો તથા બીજો ચેક બેન્ક ઓફ બરોડા ઉમરેઠ શાખાનો ચેક નં. ૦૦૦૦૨૯ રૂા.૧,૦૦,૦૦૦/- નો વિગતો ભરી સહી કરી આપેલો. ત્યારબાદ આરોપીએ આપેલ ચેક

નં. ૦૦૦૦૨૭ તા.૨૭/૦૫/૨૦૨૨ ના રોજનો રૂા.૨,૦૦,૦૦૦/– નો ખાતામાં જમા કરાવતા તેના નાણાં અમો ફરીયાદીને મળી ગયેલા. ત્યારબાદ તા. ૧૫/૦૭/૨૦૨૨ ના રોજનો ચેક નં. ૦૦૦૦૨૯ નો રૂા.૧,૦૦,૦૦૦/– ની રકમનો ખાતામાં જમા કરાવતા આરોપીના ખાતામાં અપુરતા નાણાં હોય પરત ફરેલો. જેથી હાલની ફરીયાદ કરેલી છે. આરોપીને નોટીસ બજવણી અંગે આ કામે આરોપીને તેઓના રહેણાંકના સરનામે નોટીસ આપવામાં આવેલી છે. હાલના કામે આરોપી નોટીસમાં જણાવેલ સરનામે રહેતાં નથી, તેવો તેમનો કોઈ બચાવ પણ નથી કે તેવી તેમની કોઈ તકરાર પણ નથી. જેથી આરોપી સામે નોટીસની પણ ધોરણસરની બજવણી થયેલ છે. આ ઉપરાંત હાલની ફરીયાદનો સમન્સ પણ તે જ સરનામે ઈસ્યુ થયેલ છે અને તેના અનુક્રમે જ આરોપી હાજર થયેલ છે તે સુચવે છે કે, આરોપી તે જ સરનામે રહે છે. આરોપી તેમ કહેતાં હોય કે તેઓની સામે નોટીસની બજવણી થયેલ નથી તો તેઓએ આ હકીકત પોતાનો પુરાવો રજુ કરીને સાબિત કરવાની હોય છે. પરંતુ તેઓએ આવો કોઈ પુરાવો રજુ કરેલ નથી. જેથી તેઓને નોટીસ બજેલ જણાય છે. ફરીયાદ કરતાં અગાઉ ચેક સ્વીકરાયેલ નથી તે અંગેની નોટીસ તા.૦૧/૧૦/૨૦૨૨ ના રોજ આપેલી છે જે તા.૦૭/૧૦/૨૦૨૨ ના રોજ આરોપીને બજી ગયેલ છે. આ કામે રેકર્ડ પર રજૂ થયેલ બન્ને પક્ષોની રજૂઆતો ધ્યાને લેતા ફરીયાદી અને આરોપી વચ્ચે ભૂતકાળમા વિશ્વાસાશ્રિત સંબંધો રહેલ હોવાનુ ફલીત થાય છે. જેથી, આ કામે ફરીયાદીએ હાલના આરોપી વિરુદ્ધ ખોટી ફરીયાદ કરેલ હોય તે હકીકત માની શકાય તેમ નથી અને ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવો નહી માનવાને કોઈ કારણ નથી.

**(૧૧.૨)** આ કામે ફરીયાદપક્ષે પોતાની <u>આંક–૦૧</u> ની ફરીયાદના સમર્થનમાં વિસ્તૃત પુરાવો રજુ કર્યા બાદ વધુ કોઇ પુરાવો રજુ કરવાનો નહી હોવાનુ જાહેર કરેલ છે. ત્યારબાદ આરોપી તરફે મૌખીક પુરાવા રજુ થયેલ નથી. આમ, આ કામે રજૂ થયેલ ફરીયાદીની જુબાની પરથી ફરીયાદી અને આરોપી વચ્ચે નાણાંકીય વ્યવહારો થયેલ હોવાનુ ફલીત થાય છે અને સદર ફરીયાદ દાખલ થયાના આજદીન સુધી આ કામના આરોપીએ સદર કામના ફરીયાદીને કોઈ પણ રકમની ચુકવણી કરેલ નથી જેથી સમાધાન શરતો મુજબ વર્તેલ હોય તેવુ પુરવાર થતુ નથી. આ કામે ફરીયાદી ની મૌખીક જુબાની તેમજ દસ્તાવેજી પુરાવો તથા <u>આંક–૦૭</u> થી રજુ થયેલ અસલ ચેક (<u>ચેક નં.૦૦૦૦૨૯, તા.૧૫/૦૭/૨૦૨૨</u>), <u>આંક–૦૮</u> થી રજુ આરોપીએ આપેલ ચેક બેંકમાં ભર્યા અંગેની સ્લીપ, <u>આંક–૦૯</u> થી રજુ થયેલ ચેક રીટર્ન મેમો (<u>તા.૦૫/૦૯/૨૦૨૨</u>), <u>આંક–૧૦</u> થી રજુ નોટીસની ઓફીસ કોપી, <u>આંક–૧૧</u> થી પોસ્ટની આર.પી.એ.ડી ની અસલ રસીદ, <u>આંક–૧૨</u> થી ઓનલાઈન ટ્રેક કન્સાઈનમેન્ટ, <u>આંક–૧૩</u> થી આરોપીએ ફરીયાદીને આપેલ નોટીસનો જવાબ, <u>આંક–૧૪</u> થી ફરીયાદીએ આરોપીને નોટીસના જવાબના અનુસંધાને આપેલ ખુલાસો, <u>આંક–૧૫</u> થી નોટીસના જવાબનો ખુલાસો આરોપીને બજી ગયેલ તે ઓનલાઈન ટ્રેક કન્સાઈનમેન્ટ રજુ થયેલ જે ધ્યાને લેતા આ કામના આરોપીએ કાયદેસરના લેણા પેટે પોતાની સહી કરીને વાદગ્રસ્ત ચેક આપેલ હોવાનુ અને

સદરહુ ચેક ની રકમ ફરીયાદીને આરોપી પાસેથી લેવાની નીકળતી હોવાનુ સ્પષ્ટપણે અનુમાન કરી શકાય તેમ છે અને આરોપીએ સદરહુ લેણી નીકળતી રકમ પેટે ચેક આપેલ હોવાનુ પુરવાર થાય છે.

આ કામે આરોપી તર્ફે એવી રજૂઆત કરવામાં આવેલ છે કે હાલના ફરીયાદીનુ આ કામના આરોપી પાસે કોઈ કાયદેસરનુ લેણુ નથી. આ કામે ફરીયાદીએ ખોટી હકિકતો જણાવીને તથા આરોપીએ આપેલ કોરા ચેકનો પોતાની રીતે વધુ પડતી રકમ ભરીને અને ખોટા લેણાં દર્શાવીને તથા કાયદેસરનું લેણુ ન હોવા છતાં ફરીયાદીએ વાદગ્રસ્ત ચેકનો દુરૂપયોગ કરીને હાલની ખોટી ફરીયાદ કરેલ છે. આરોપીની સદરહુ દલીલના ખંડનમાં સદર કામે આંક-૩૫ થી ફરીયાદીએ આરોપીને પરત આપેલ અસલ કરાર અસલ રજૂ છે જે જોતા આ કામના આરોપીને તેઓની દુકાન પેટે ફરીયાદીએ નાણા આપેલ છે તેવુ જણાય છે. ફરીયાદીના આરોપી પાસે લેણી નિકળતી રકમ પેટે રૂા.૧,૦૦,૦૦૦ અંકે રૂપિયા એક લાખની રકમનો ચેક આરોપીની સહી હસ્તાક્ષરવાળો ફરીયાદીના નામનો બેંક ઓફ બરોડા, ઉમરેઠ શાખાનો રૂા.૧,૦૦,૦૦૦/- (અંકે રૂપીયા એક લાખ પુરા) નો આરોપીએ આપેલ હોવાની હકીકત સ્પષ્ટપણે પુરવાર થાય છે.

ફરિયાદ પક્ષ પોતાનો કેસ નિશંકપણે પુરવાર કરવામાં સફળ રહ્યો છે. આ કેસમાં નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ ના તમામ કાયદેસરના તત્વોની પૂર્તિ થયેલી જોવા મળે છે. પ્રથમ દ્રષ્ટિએ, ફરિયાદીએ વર્ષ ૨૦૧૯ માં આપેલા રૂા.૫,૦૦,૦૦૦/- ના હાથ ઉછીના નાણાં અને તેના બદલામાં થયેલ આંક-૩૫ થી રજુ 'કબજા ગીરો લેખ' એક મજબૂત પુરાવો છે, જે સાબિત કરે છે કે પક્ષકારો વચ્ચે આર્થિક વ્યવહાર અસ્તિત્વમાં હતો. આરોપીએ ચેક પરની સહીનો ઈનકાર કર્યો નથી અને ચેક 'ફંડ ઈનસફીસીયન્ટ' ના શેરા સાથે પરત ફર્યો છે, જે કાયદાની નજરમાં અપૂરતા ભંડોળ જેવો જ ગંભીર ગુનો ગણાય છે.

જેથી, આ કામના આરોપીએ કાયદેસરના લેણા પેટે પોતાની સહી કરીને વાદગ્રસ્ત ચેક આપેલ હોવાનુ અને સદરહુ ચેક ની રકમ ફરીયાદીને આરોપી પાસેથી લેવાની નીકળતી હોવાનુ સ્પષ્ટપણે અનુમાન કરી શકાય તેમ છે અને આરોપીએ સદરહુ લેણી નીકળતી રકમ પેટે ચેક આપેલ હોવાનુ પુરવાર થાય છે.

**(૧૧.૩)** હાલના કેસમાં ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ પુરાવો વંચાણે લેતાં ફરીયાદીએ પુરાવાના સોગંદનામામાં સ્પષ્ટ રીતે પુરાવો આપેલ છે કે, ફરીયાદ વાળો ચેક આરોપી દ્વારા નિભાવવામાં આવતા બેંક ખાતાનો ચેક છે. તે સીવાય વિવાદીત ફરીયાદ વાળો ચેક આરોપીના ખાતાનો નથી તે બાબતે આરોપીએ કોઈ તકરાર લીધેલ નથી. જેથી, ઉપરોક્ત તમામ હકિકતો ધ્યાને લેતા ફરીયાદ વાળો ચેક આરોપીના ખાતાનો હોવાનું પુરવાર થાય છે.

આ કામે આરોપી ધ્વારા એવી રજુઆત કરવામાં આવેલ છે કે આ કામના આરોપીને આ

કામના ફરીયાદી સાથે કોઈ વ્યવહાર થયેલ નથી તેવું જણાવેલ છે આ કામના ફરીયાદીએ ચેકનો દુરૂપયોગ કરીને સદર કેસ કરેલ છે તેવું જણાવેલ છે આ કામે ફરીયાદી તર્ફે આંક–૩૫ થી 'કબજા ગીરો લેખ' રજૂ છે અને હાલના કામે વાદગ્રસ્ત ચેકમાં આ કામના આરોપીની સહી છે. તે હકીકત સ્પષ્ટપણે ફલિત થાય છે. આ કામે બંન્ને પક્ષોની રજુઆત તથા રજુ થયેલ પુરાવા ધ્યાને લેતા અત્રેની કોર્ટ ફરીયાદ પક્ષની દલીલ સાથે સંમત થાય છે. આ બાબતે નામદાર ગુજરાત વડી અદાલત ધ્વારા **Vijaybhai Arjanbhai Tulsanai Versus State Of Gujarat Criminal Revision Application No. 527 of 2012 ; 529 of 2012 ; Decided on:- 07-11-2012 (2012 (0) AIJEL-HC 228657)** ના કેસમાં ઠરાવવામાં આવેલ છે કે**,**

[6.1] Identical question came to be considered by the Hon'ble Supreme Court in the case of P.J. Agro Tech Limited and others (Supra). In the said decision, the Hon'ble Supreme Court has held that from reading of Section 138, it is very clear that in order to attract the provisions thereof a cheque which is dishonored will have to be drawn by a person on an account maintained by him for payment of any amount of money to another person from out of that account for discharge, in whole or in part of any debt in between or other liability. It is held that it is only such a cheque which is dishonored it would attract the provision of Section 138 of the NI Act agaist the drawer of the cheque. Even this Court in the case of Mahendrakumar Tulsibhai Patel (Supra) has held that to make a person liable for the offence under Section 138 of the NI Act, it must be proved and established that such person is a signatory to the cheque and the cheque has been drawn by him from the bank account maintained by him.

[6.2] In the case of Jugesh Sehgal V/s. Shamsher Singh Gogi reported in (2009)14 SCC 683, the Hon'ble Supreme Court has held that to constitute an offence under Section 138 of the NI Act, following ingredients are required to be fulfilled. "(i)a person must have drawn a cheque on an account maintained by him in a bank for payment of a certain amount of money to another person from out of that account; (ii)the cheque should have been issued for the discharge, in whole or in part, of any debt or other liability; (iii)that

cheque has been presented to the bank within a period of six months from the date on which it is drawn or within the perio of its validity whichever is earlier; (iv)that cheque is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of the account is insufficient to honour the cheque or that it exeeds the amount arranged to be paid from that account by an agreement made with the bank; (v)the payee or the holder in due course of the cheque makes a demand for the payment of the said amount of money by giving a notie in writing, to the drawer of the cheque, within 15 days of the receipt of information by him from the bank regarding the return of the cheque as unpaid; (vi)the drawer of such cheque fails to make payment of the said amount of money to the payee or the holder in due course of the cheque within 15 days of the receipt of the said notice."

[6.3] Under the circumstances, as the applicant herein - original accused No.2 is neither the signatory to the cheques in question which are dishonored nor the same are drawn from the bank account maintaied by him, applicant cannot be held guilty for the offence under Section 138 of the NI Act for dishonor the cheques which are neither issed by him nor signed by him nor drawn from the bank account maintained by him.

[6.4] Now, so far as convicting the applicant herein - original accused No.2 for the offence under Section 141 of the NI Act is concerned, it is required to be noted that admittedly <u>the cheques are issued by the original accused No.1 as proprietor of Vijay Marketing. Therefore, the cheques were issued by the proprietary firm and for the dues and/or debt of the proprietary firm.</u> The concept of day to day business and management would be applicable with respect to the offence alleged to have been committd by the Company and/or Proprietorship Firm and <u>the question with respect to vicarious liability as provided under section 141 of the Negotiable Intruments Act would not be</u>

applicable with respect to a Proprietorship Firm.

[6.5] In the case of Raghu Lakshminarayan V/s. Fine Tubes, reported in (2007) 5 SCC 103, the Hon'ble Supreme Court has specifically held that if cheque is issued by proprietorship Firm, it can not be a Company under explanation to section 141 of the Negotiable Instruments Act and section 34 of the Companies Act and or a Partnership Firm under section 4 of the Partnrship Act. It is specifically observed by the Hon'ble Supreme Court in the said decision that if the offence had not been committed by a Company, the question of appellant (in that case) being a Director or is being vicariously liable and proceeded against would not arise. Considering the above, even the applicant herein-original accused No.2 cannot be convicted for the offence under Section 138 read with Section 141 of the NI Act.

તે હકીકત સ્પષ્ટપણે ફલિત થાય છે. જેથી, ફરીયાદીના કાયદેસરના લેણા બાબતે હાલના કામે ચેકમાં સહી કરનાર આરોપીની જવાબદારી રહે છે તેવુ સ્પષ્ટપણે પુરવાર થાય છે. આમ, સદરહુ ચુકાદામાં નોધેલ તારણો ધ્યાને લેતા વાદગ્રસ્ત ચેકમાં સીગ્નેટરી ઓથોરીટી તરીકે હાલના આરોપીની સહી હોઈ તે જવાબદાર ઠરે છે તેવુ સ્પષ્ટપણે પુરવાર થાય છે.

**(૧૧.૪)** ફરીયાદ વાળો ચેક કોઈ દેવું અથવા જવાબદારીના સંપુર્ણ કે અંશત: ચુકવણાં માટે આપેલ છે કે કેમ ? આ અંગે વિચાર કરવામાં આવે તો, ફરીયાદ પક્ષનો કેસ એવો છે કે આ કામના આરોપીએ હાલની ફરીયાદ વાળો ચેક આપેલ છે. ફરીયાદીના આક્ષેપ અંગે રજુ કરવામાં આવેલા પુરાવા સાથે કાયદાની જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો ધી નેગોશ્યેબલ ઈન્ટમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ ૧૩૯ વંચાણે લેવી આવશ્યક છે, તે કલમમાં ચેક અનુસંધાનેનું અનુમાન આપવામાં આવેલ છે અને જણાવવામાં આવેલ છે કે,

It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque of the nature referred to in section 138 for the discharge, in whole or in part, or any debt or other liability.

તે સિવાય વટાવખત અધિનિયમની કલમ–૧૧૮ (એ) માં જોગવાઈ કરવામાં આવેલ છે કે,

Until the contrary is proved, the following presumptions shall be made:

(a) that every negotiable instrument was made or drawn for consideration, and that every such instrument, when it has been accepted, indorsed, negotiated or transferred, as accepted, indorsed, negotiated or transferred for consideration;

નામદાર ગુજરાત ઉચ્ચ અદાલત ધ્વારા **Girishbhai Natvarbhai Patel v/s State of Gujarat 2006 (1) GLR 786** ના કેસમાં પ્રસ્થાપીત કરેલ સિધ્ધાંત વંચાણે લેવામાં આવે તો તે કેસમાં નામદાર ગુજરાત ઉચ્ચ અદાલત ધ્વારા ઠરાવવામાં આવેલ છે કે,

It is an established position of law that under the scheme of Negotiable Instruments Act, especially under Scheme of 138 and 139, the statutory presumption is created in favor of the complainant and the Court has to presume and proceed on the basis of this presumption unless it is dislodged by the accused on the strength of leading cogent and convincing evidence in support of his claim. Sec. 139 of the Negotiable Instruments Act, 1881 makes it unequivocally clear that it is the duty cast upon the Court to presume that the holder of a cheque receive the cheque of the nature referred to in Sec. 138 for the discharge in whole or in part of any debt or other liability.

નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા **Hiten P.Dalal V/s Bratindranath Banerjee AIR 2001 SC 3897** ના કેસમાં ઠરાવવામાં આવેલ છે કે,

Section 139 provides that "it shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque, of the nature referred to in Section 138 for the discharge, in whole or in part, of any debt or other liability." The effect of these presumptions is to place the evidential burden on the accused of proving that the cheque was not received by the complainant towards the discharge of any liability. Because both Sections 138 and 139 require that the Court "shall presume" the liability of the drawer of the cheques for the amounts for which the cheques are drawn, as noted in it is obligatory on the Court to raise this presumption in every case where the factual basis for

the raising of the presumption had been established. It introduced an exception to the general rule as to the burden of proof in criminal cases and shifts the onus on to the accused. Such a presumption is a presumption of law, as distinguished from a presumption of fact which describes provisions by which the Court "may presume" a certain state of affairs. Presumptions are rules of evidence and do not conflict with the presumption of innocence, because by the latter all that is meant is that the prosecution is obliged to prove the case against the accused beyond reasonable doubt. The obligation on the prosecution may be discharged with the help of presumptions of law or fact unless the accused adduces evidence showing the reasonable possibility of the non existence of the presumed fact.

નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા **Rangappa V. Mohan 2010 Cri.L.J 2871** ના કેસમાં ઠરાવવામાં આવેલ છે કે,

Once the cheque relates to the account of the accused and he accepts and admits the signature on the said cheque, then initial presumption as contemplated under section 139 of the Negotiable Instrument Act has to be raised by the court in favor of the complainant. The presumption referred to in section 139 of the N.I.Act is mandatory presumption and not a general presumption, but the accused is entitled to rebut the said presumption. What is required to be established by the accused in order to rebut the presumption is different from each case under given circumstances. But the fact remains that a mere plausible explanation is not expected from the accused and it must be more than a plausible explanation by way of rebuttal evidence. In other words, the defence raised by way of rebuttal evidence must be probable and capable of being accepted by the court.

તે કેસમાં નામદાર સર્વોચ્ચ અદાલતે વધુમાં ઠરાવેલ છે કે,

The presumption mandated by S.139 of the Act does indeed include the existence of legally enforceable debt or liability.

નામદાર ગુજરાત ઉચ્ચ અદાલત ધ્વારા **Hitenbhai Parekh, Proprietor, Parekh Enterprises Vs. State of Gujarat & Anr. 2010 (5) GLR 4136**. ના કેસમાં ઠરાવેલ સિધ્ધાત વંચાણે લેવામાં આવે તો, તે કેસમાં ઠરાવવામાં આવેલ છે કે,

> Although, there is no presumption as regards any debt or other liability being legally enforceable, it would be found that once a debt or other liability is presumed and not properly rebutted, it would be legally enforceable, unless and until it is shown to be legally unenforceable.

આમ, ઉપરોકત કલમ તથા ચુકાદાઓમાં ઠરાવેલા સિધ્ધાંતો મુજબ જો ચેકના ધારક ચેક આરોપીના ખાતાનો હોવાનું, ચેક પર આરોપીની સહી હોવાનું અને જે વ્યવહાર માટે ચેક આપવામાં આવેલ હોવાનું જણાવે છે તે વ્યવહાર થયો હોવાની શરૂઆતની હકીકત પુરવાર કરે તો ફરીયાદીની તરફેણમાં કાયદા મુજબનું અનુમાન કરવાનુ રહે છે કે તે દેવા કે જવાબદારીના સંપુર્ણ કે અંશત: ચુકવણા માટે આપવામાં આવેલ હતા. જો કે ઉપરોકત ચુકાદાઓ મુજબ, કલમ–૧૧૮ અને ૧૩૯ અંતર્ગતના અનુમાન ખંડનાત્મક અનુમાન છે અને તે અનુમાનનું ખંડન આરોપી પક્ષે પોતાના માની શકાય તેવા પુરાવા દ્વારા અથવા તો એવા સં જોગોનું અસ્તીત્વ રેકર્ડ પર લાવીને કરવાનું રહે છે કે, જેના આધારે સામાન્ય સમજ શક્તિ વાળો માણસ એવુ માની શકે કે આવો ચેક કોઈ દેવા કે જવાબદારી પેટે આપવામાં આવેલ હતો નહી અથવા તો ફરીયાદી જણાવે છે તેવા વ્યવહાર, દેવા કે જવાબદારીનું અસ્તીત્વ માની શકાય તેમ નથી. પરંતુ તે ખંડન કરવા માટે આરોપીએ પોતાને સાક્ષી તરીકે તપાસવાની આવશ્યકતા નથી કે પોતે પુરાવો રજુ કરવાની જરૂર નથી. આરોપી આવા અનુમાનનું ખંડન ફરીયાદ પક્ષ દ્વારા રજુ પુરાવા પરથી પણ કરી શકે છે. સદરહુ ચેક કયા કારણોથી અને કયા સંજોગોમાં ફરીયાદીને આપેલ હતો તે બાબતે આરોપી તર્ફે કોઈ સ્પષ્ટતા થયેલ નથી. સદરહુ ચેક કાયદેસરના લેણાં પેટે આપેલ ન હોવા બાબતનો કોઈ આધારભૂત પુરાવો આરોપી તરફે રજુ થયેલ નથી અગરતો સદરહુ ચેકમાં આરોપીની સહી ના હોય કે ખોટી રીતે ફરીયાદીએ ચેક મેળવેલ હોય તેવો કોઈ પુરાવો આરોપી તરફે રજુ થયેલ નથી. આમ, આ કામે ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવો તથા રેકર્ડ પરની આરોપીની વર્તુણુક ધ્યાને લેતા સદરહુ ચેક ની રકમ ફરીયાદીને આરોપી પાસેથી લેવાની નીકળતી હોવાનુ સ્પષ્ટપણે અનુમાન કરી શકાય તેમ છે અને આરોપીએ સદરહુ લેણી નીકળતી રકમ પેટે ચેક આપેલ હોવાનુ પુરવાર થાય છે. આમ, આ કામે ફરીયાદપક્ષે હાલના આરોપીને કાયદેસરના લેણા પેટે ચેક આપેલો હતો તે આધાર પુરાવાથી પુરવાર કરેલ છે.

**(૧૧.૫)** હાલના કેસમાં ફરીયાદ પક્ષ દ્વારા વધુમાં એવી દલીલ કરવામાં આવેલી છે કે, ફરીયાદીએ પોતાની સરતપાસમા તથા રજુ થયેલ દસ્તાવેજો દ્વારા સ્પષ્ટ પુરાવો આપેલ છે કે, તેઓને આ કામના આરોપી પાસેથી ચેકમાં દર્શાવ્યા મુજબની રકમ લેવાની નીકળતી હતી તે જવાબદારીના

પેમેન્ટ માટે આરોપીએ હાલની ફરીયાદ વાળો ચેક આપેલ છે. ફરીયાદીએ વધુમાં દલીલ કરેલી છે કે, આ કામના ફરીયાદીએ પોતાની સરતપાસમાં સ્પષ્ટ પુરાવો આપેલ છે કે, ફરીયાદ વાળા ચેક પર આરોપીની સહી છે. તેમજ ફરીયાદીની તરફેણમાં કલમ–૧૩૯ અને ૧૧૮ અંતર્ગતનું અનુમાન પણ છે. આ કામે આરોપી તર્ફે એવો બચાવ લેવામાં આવેલ છે કે, આ કામે ફરીયાદીએ ખોટી હકિકતો જણાવીને તથા આરોપીએ આપેલ કોરા ચેકનો પોતાની રીતે વધુ પડતી રકમ ભરીને અને ખોટા લેણાં દર્શાવીને તથા વાદગ્રસ્ત ચેકનો દુરૂપયોગ કરીને હાલની ખોટી ફરીયાદ કરેલ છે. પરંતુ ચેક અંગેના કાયદાકીય અનુમાનો અને નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓમા પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત ધ્યાને લેતા આરોપીની સદરહુ દલીલ ટકવાપાત્ર જણાતી નહી હોવાનુ અત્રેની કોર્ટનુ માનવુ છે. આ કામના આરોપી પક્ષ જે બચાવ લઈ રહેલ છે તે સ્પષ્ટ અને માનવાલાયક પુરાવા (cogent and convincing evidence) થી પુરવાર કરેલ નથી. જેથી, રેકર્ડ પરનો તમામ પુરાવો અને ફરીયાદીની તરફેણમાં રહેલ કલમ–૧૩૯ અને ૧૧૮ નું અનુમાન ધ્યાને લેતા ફરીયાદ વાળો ચેક કાયદેસરનું દેવુ ચુકવા માટે આપેલ હોવાનું નિશંકપણે પુરવાર થયેલ છે .

આ બાબતે નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા **P Rasiya vs Abdul Nazer and anr. Decided on August, 2022** ના કેસમાં ઠરાવેલ છે કે,

> The Court held that due to the presumption under Section 139, once the signature and cheque are not in dispute, it will be presumed that the cheque was issued for discharge of debt or liability in favour of complainant. The Supreme Court recently held that in a cheque-bounce case under Section 138 of the Negotiable Instruments Act (NI Act), the complainant is not required to spell out in the complaint, the nature of transaction or source of fund since the onus is on the accused to prove that the cheque was issued not towards a debt or liability.

નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા **Oriental Bank of Commerce vs Prabodh Kumar Tewar, Criminal Appeal No 1260 of 2022 (Arising out of SLP (Crl) No 9836 of 2019), Decided on 16 Th August, 2022** ના કેસમાં ઠરાવેલ છે કે,

> A drawer handing over a cheque signed by him is liable unless it is proved by adducing evidence at the trial that the cheque was not in discharge of a debt or liability. The evidence of a handwriting expert on whether the accused had filled in the details in the

cheque would be immaterial to determining the purpose for which the cheque was handed over. Therefore, no purpose is served by allowing the application for adducing the evidence of the hand-writing expert The presumption which arises on the signing of the cheque cannot be rebutted merely by the report of a hand-writing expert. Even if the details in the cheque have not been filled up by drawer but by another person, this is not relevant to the defense whether cheque was issued towards payment of a debt or in discharge of a liability.

નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા **Sampelly Satyanarayana Rao v/s Indian Renewable Energy Development Agency Ltd., Criminal Appeal No. 867 of 2016, SCC OnLine SC 954, decided on 19.09.2016** ના કેસમાં ઠરાવેલ છે કે,

18. In Rangappa v. Sri Mohan, (2010) 11 SCC 441 this Court held that **once issuance of a cheque and signature thereon are admitted, presumption of a legally enforceable debt in favour of the holder of the cheque arises**. It is for the accused to rebut the said presumption, though accused need not adduce his own evidence and can rely upon the material submitted by the complainant. However, mere statement of the accused may not be sufficient to rebut the said presumption.

આ કામે આંક–૦૯ થી રજુ ચેક રીર્ટન મેમો વંચાણે લેવામાં આવે તો ફરીયાદ વાળો ચેક **"ફંડ ઈનસફીસીયન્ટ"** ના કારણે પરત આવેલ હોવાનો ઉલ્લેખ છે. આરોપી તરફે પોતાના બચાવમાં આ બાબતે કોઈ તકરાર લેવામાં આવેલ નથી. જેથી, હાલના આરોપીએ પોતાની સહી કરીને ચેક આપેલ હોવાનુ પુરવાર થાય છે અને એન.આઈ.એકટની કલમ ૧૩૯ નુ અનુમાન ધ્યાને લેતા સદરહુ ચેક કાયદેસરના લેણા માટે આપેલ ન હતો તેવુ આરોપી પુરવાર કરી શકેલ નથી.

આ બાબતે નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા **Laxmi Dyechem Versus State Of Gujarat (Criminal Appeal No. 1870 of 2012 ; 1909 of 2012 ; 1910 of 2012 ; 1949 of 2012) Decided on November 27, 2012** ના કેસમાં ઠરાવેલ છે કે,

**15.** The above line of decisions leaves no room for holding that the two contingencies envisaged under Section 138 of the Act must be interpreted strictly or literally. We find ourselves in respectful agreement with the decision in NEPC Micon Ltd. (supra) that the expression "amount of money is insufficient" appearing in Section 138 of the Act is a genus and dishonour for reasons such as "account closed", "**payment stopped"**, "referred to the drawer" are only species of that genus. Just **as dishonour of a cheque on the ground that the account has been closed is a dishonour falling in the first contingency referred to in Section 138**, so also dishonour on the ground that the "signatures do not match" or that the "image is not found", which too implies that the specimen signatures do not match the signatures on the cheque would constitute a dishonour within the meaning of Section 138 of the Act. This Court has in the decisions referred to above taken note of situations and contingencies arising out of deliberate acts of omission or commission on the part of the drawers of the cheques which would inevitably result in the dishonour of the cheque issued by them. For instance this Court has held that if after issue of the cheque the drawer closes the account it must be presumed that the amount in the account was nil hence insufficient to meet the demand of the cheque. A similar result can be brought about by the drawer changing his specimen signature given to the bank or in the case of a company by the company changing the mandate of those authorised to sign the cheques on its behalf. Such changes or alteration in the mandate may be dishonest or fraudulent and that would inevitably result in dishonour of all cheques signed by the previously authorised signatories. There is in our view no qualitative difference between a situation where the dishonour takes place on account of the substitution by a new set of authorised signatories resulting in the dishonour of the cheques already issued and another situation in which the drawer of the

cheque changes his own signatures or closes the account or issues instructions to the bank not to make the payment. So long as the change is brought about with a view to preventing the cheque being honoured the dishonour would become an offence under Section 138 subject to other conditions prescribed being satisfied.

**16.** In the case at hand, the High Court relied upon a decision of this Court in Vinod Tanna's case (supra) in support of its view. We have carefully gone through the said decision which relies upon the decision of this Court in Electronics Trade & Technology Development Corporation Ltd. (supra). The view expressed by this Court in Electronics Trade & Technology Development Corporation Ltd. (supra) that a dishonour of the cheque by the drawer after issue of a notice to the holder asking him not to present a cheque would not attract Section 138 has been specifically overruled in Modi Cements Ltd. case (supra). The net effect is that dishonour on the ground that the payment has been stopped, regardless whether such stoppage is with or without notice to the drawer, and regardless whether the stoppage of payment is on the ground that the amount lying in the account was not sufficient to meet the requirement of the cheque, would attract the provisions of Section 138.

આમ, સમગ્ર પુરાવો વંચાણે લેવામાં આવે તો, ફરીયાદ વાળો ચેક આરોપીએ ફરીયાદીને આપેલ ન હતો તે પુરવાર કરવા માટે કોઈ ગ્રાહ્ય પુરાવો રજુ કરેલ નથી. જેથી, ફરીયાદપક્ષે રજૂ થયેલ સદરહુ પુરાવાને નહી માનવાને કોઈ કારણ નથી. આ કામે રેકર્ડ પરની હકિકત ધ્યાને લેતાં આરોપીએ ફરીયાદી સાથે વાદગ્રસ્ત ચેકની રકમ બાબતે સમાધાન કરી પતાવટ કરી લેવા બાબતે સમાધાન કરવા સબબ રજુઆત કરેલ છે તથા ફરીયાદીને અમુક રકમની ચુકવણી પણ કરેલ છે, પરંતુ ત્યારબાદ આ કામે આરોપીએ સદરહુ ચેકની પુરેપુરી રકમ અગરતો સમાધાન માટે નક્કી કરવામાં આવેલ રકમ ફરીયાદીને નહી ચુકવતા આરોપીની કસુરના કારણે ફરીયાદીને સદરહુ કેસમાં ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાની ફરજ પડેલ છે. આમ, આ કામે રેકર્ડ પરનો તમામ પુરાવો અને ફરીયાદીની તરફેણમાં રહેલ કલમ–૧૩૯ અને ૧૧૮ નું અનુમાન ધ્યાને લેતાં ફરીયાદ વાળો ચેક કાયદેસરનું દેવુ ચુકવા માટે આપેલ હોવાનું પુરવાર થયેલ છે.

**(૧૨)** આ કામે ફરીયાદ વાળા ચેક (૧ એપ્રીલ ૨૦૧૨ બાદનો હોઈ) ત્રણ મહીના અથવા વેલીડીટી પીરીયડ બેમાંથી જે પહેલું હોય તે સમયગાળામાં બેંકમાં રજુ કરવામાં આવેલ છે કે કેમ? આ અંગે ફરીયાદી દ્વારા રજુ જુબાનીનું સોગંદનામું વંચાણે લેવામાં આવે તો, આ કામના ફરીયાદી દ્વારા પોતાની જુબાનીમાં સ્પષ્ટ રીતે પુરાવો આપવામાં આવેલ છે કે, ફરિયાદ વાળો ચેક તા.૧૫/૦૭/૨૦૨૨ ની તારીખનો છે, જે ચેક ફરીયાદીએ બેંકમાં વસુલાત માટે રજુ કરતાં સદર ચેક કલીયરીંગમાં જતા તા.૦૫/૦૯/૨૦૨૨ ના રોજ **" ફંડ ઈનસફીસીયન્ટ "** ના શેરા સાથે વસુલાત વગર પરત આવેલ છે. તે સીવાય આ કામે આંક-૦૭ થી રજુ થયેલ અસલ ચેક, આંક-૦૯ થી રજુ થયેલ ચેક રીર્ટન મેમો તથા ફરીયાદીનો મૌખીક પુરાવો ધ્યાને લેવામાં આવેતો ફરીયાદ વાળો ચેક, ચેક પર લખવામાં આવેલી તારીખથી ચેકની વેલીડીટી પીરીયડ ત્રણ માસ ની અંદર ચુકવણી માટે બેંકમાં પ્રેઝન્ટ થયેલ હોવાનું જણાઈ આવે છે. તે સીવાય ફરીયાદ વાળા ચેક વેલીડીટી પીરીયડમાં બેંકમાં રજુ થયેલ નથી તેવો આરોપી પક્ષનો કોઈ બચાવ કે તકરાર નથી. જેથી ફરીયાદ વાળા ચેક, ચેક પર લખવામાં આવેલી તારીખથી કાયદા દ્વારા નિયત કરવામાં આવેલ સમય મર્યાદા ત્રણ મહીનામાં વસુલાત માટે બેંકમાં રજુ થયેલ હોવાનું પુરવાર થાય છે.

**(૧૩)** ફરીયાદ વાળો ચેક અપુરતાં ભંડોળના કારણે કે બેંક સાથે કરવામાં આવેલ વ્યવસ્થા કરતાં વધુ રકમનો હોવાનાં કારણે વગર ચુકવણે પરત થયેલો કે કેમ ? આ અંગે વિચાર કરવામાં આવેતો આ કામના ફરીયાદીની જુબાનીમાં ફરીયાદીએ સ્પષ્ટ રીતે પુરાવો આપેલ છે કે, ફરીયાદ વાળો ચેક ફંડ ઈનસફીસીયન્ટના કારણે પરત આવેલ. આ કામે આંક-૦૯ થી રજુ થયેલ ચેક રીર્ટન મેમો વંચાણે લેવામાં આવે તો ફરીયાદ વાળો ચેક **"ફંડ ઈનસફીસીયન્ટ"** ના કારણે પરત આવેલ હોવાનો ઉલ્લેખ છે. આ બાબતે નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા Laxmi Dyechem Versus State Of Gujarat (Criminal Appeal No. 1870 of 2012 ; 1909 of 2012 ; 1910 of 2012 ; 1949 of 2012) Decided on November 27, 2012 ના કેસમાં ઠરાવેલ સિદ્ધાંત મુજબ સદર ચેક અપુરતા ભંડોળના કારણે પરત આવેલ હોવાનુ માનવાને કારણ રહે છે. પુરાવા અધિનીયમની કલમ-૫૯ મુજબ દસ્તાવેજની વિગત સિવાયની તમામ હકીકત મૌખીક પુરાવાથી પણ સાબીત કરી શકાય છે. હાલના કેસમાં ફરીયાદ વાળો ચેક અપુરતા ભંડોળના કારણે રીર્ટન થયા હોવા અંગે ફરીયાદીએ પોતાની સરતપાસના માધ્યમથી મૌખીક પુરાવો પણ આપેલ છે અને દસ્તાવેજ પણ રજુ કરેલ છે. વધુમાં ફરીયાદ પક્ષે જે પુરાવો આપેલ છે તે પુરાવાનુ આરોપી પક્ષ દ્વારા આધારભુત પુરાવાઓના આધારે ખંડન કરેલ નથી તથા આરોપી તરફે વિવાદીત ચેક બેંકમાં રજુ થયો તે તારીખે પુરતુ ભંડોળ હતુ તેવો કોઈ પુરાવો રજુ કરેલ નથી. જેથી ફરીયાદ વાળો ચેક ફંડ ઈનસફીસીયન્ટના કારણે વગર ચુકવ્યે પરત થયેલ હોવાની હકીકત સાબીત થાય છે.

**(૧૪)** ચેક વગર ચુકવ્યે પરત થયાની બેંક ધ્વારા જાણ કરવામાં આવ્યાના ૩૦ દિવસની અંદર

નોટીસ ધ્વારા ચેક લખનારને જાણ કરી ચેકની રકમની માંગણી કરેલી છે કે કેમ? આ અંગે ફરીયાદ પક્ષનો પુરાવો વંચાણે લેવામાં આવે તો, ફરીયાદીએ ચેકની વેલીડીટી પિરીયડમાં વિવાદીત ચેક વટાવવા માટે બેંકમાં રજુ કરેલ હોવાનું જણાઈ આવે છે. જયારે આંક–૧૦ થી રજુ નોટીસ વંચાણે લેવામાં આવેતો, આ નોટીસ તા.૦૮/૦૯/૨૦૨૨ ના રોજની છે. તે નોટીસ દ્વારા ચેકની રકમ નોટીસ મળ્યે ચુકવી આપવા સ્પષ્ટ સુચના આપેલ હોવાનું જણાય છે. જે કાયદા દ્વારા નિયત સમય મર્યાદા ૩૦ દિવસમાં કરેલ હોવાનું જણાઈ આવે છે. આ કામે આરોપીએ ફરીયાદીને તેણે ચેક આપેલ હોવાનું અને સદરહુ ચેક નકારતા નોટીસ મળેલ હોવાનુ ઈનકાર કરેલ છે, પરંતુ કોર્ટમાં પ્રથમ મુદતે હાજર થઈ આરોપી તરફે સદરહુ નોટીસ નહી બજવા બાબતે તકરાર લઈને ચેકની રકમ ભરવા બાબતે કોઈ તૈયારી દર્શાવેલ નથી.

નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા **C.C. Alavi Haji Vs Palapetty Muhammed & Anr. Cri.Appeal no.767/2007, Decided on.18/05/2007. (2007(5) Laws (SC) 100)** ના કેસમાં ઠરાવેલ છે કે,

> 17. It is also to be borne in mind that the requirement of giving of notice is a clear departure from the rule of Criminal Law, where there is no stipulation of giving of a notice before filing a complaint. Any drawer who claims that he did not receive the notice sent by post, can, within 15 days of receipt of summons from the court in respect of the complaint under Section 138 of the Act, make payment of the cheque amount and submit to the Court that he had made payment within 15 days of receipt of summons (by receiving a copy of complaint with the summons) and, therefore, the complaint is liable to be rejected. A person who does not pay within 15 days of receipt of the summons from the Court along with the copy of the complaint under Section 138 of the Act, cannot obviously contend that there was no proper service of notice as required under Section 138, by ignoring statutory presumption to the contrary under Section 27 of the G.C. Act and Section 114 of the Evidence Act. In our view, any other interpretation of the proviso would defeat the very object of the legislation. As observed in Bhaskarans case (supra), if the giving of

notice in the context of Clause (b) of the proviso was the same as the receipt of notice a trickster cheque drawer would get the premium to avoid receiving the notice by adopting different strategies and escape from legal consequences of Section 138 of the Act.

18. In the instant case, the averment made in the complaint in this regard is: Though the complainant issued lawyers notice intimating the dishonour of cheque and demanded payment on 4.8.2001, the same was returned on 10.8.2001 saying that the accused was out of station. True, there was no averment to the effect that the notice was sent at the correct address of the drawer of the cheque by registered post acknowledgement due. But the returned envelope was annexed to the complaint and it thus, formed a part of the complaint which showed that the notice was sent by registered post acknowledgement due to the correct address and was returned with an endorsement that the addressee was abroad. We are of the view that on facts in hand the requirements of Section 138 of the Act had been sufficiently complied with and the decision of the High Court does not call for interference.

નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા **N. Parameswaran Unni versus G. Kannan and Anr. Criminal Appeal No. 455 of 2006 reported in (2017) 5 SCC 737** ના કેસમાં ઠરાવેલ છે કે,

Para.15. This Court in a catena of cases has held that **when a notice is sent by registered post and is returned with postal endorsement "refused" or "not available in the house" or "house locked" or "shop closed" or "addressee not in station", due service has to be presumed.** Though in the process of interpretation right of an honest lender cannot be defeated as has happened in this case. From the perusal of relevant sections it is clear that generally there is no bar under the

NI Act to send a reminder notice to the drawer of the cheque and usually such notice cannot be construed as an admission of non-service of the first notice by the appellant as has happened in this case."

જેથી, માત્ર નોટીસ નહી બજેલ હોવાની રજુઆતના કારણે સદરહુ સમગ્ર કેસ નિષ્ફળ થતો હોવાનુ માની શકાય તેમ નથી. આ કામના ફરીયાદીએ પોતાની જુબાનીની સરતપાસમાં જણાવેલ છે કે, આરોપીએ આપેલ ચેકના નાણા અમોને મળી શકેલા નહી, જેથી ફરીયાદીએ વકીલ મારફતે આ કામના આરોપીને આર.પી.એ.ડી દ્ધારા નોટીસ આપેલ અને તેમા જણાવેલ કે, ચેકની રકમ દિન–૧૫ માં ચુકવી આપવી. તેઓએ વધુમાં જણાવેલ છે કે, ઉપરોકત નોટીસ આરોપીના સરનામે બજી ગયેલ છે તથા જેના પુરાવા તથા પોસ્ટ ખાતાના આધારો રજુ કરેલા છે. હાલના કેસમાં ફરીયાદીએ આંક–૧૦ થી રજુ નોટીસની ઓફીસ કોપી, આંક–૧૧ થી પોસ્ટની આર.પી.એ.ડી ની અસલ રસીદ, આંક–૧૨ થી ઓનલાઈન ટ્રેક કન્સાઈનમેન્ટ, આંક–૧૩ થી આરોપીએ ફરીયાદીને આપેલ નોટીસનો જવાબ, આંક–૧૪ થી ફરીયાદીએ આરોપીને નોટીસના જવાબના અનુસંધાને આપેલ ખુલાસો, આંક–૧૫ થી નોટીસના જવાબનો ખુલાસો આરોપીને બજી ગયેલ તે ઓનલાઈન ટ્રેક કન્સાઈનમેન્ટ રજુ કરેલ છે. ફરીયાદીએ સદર કામના આરોપીને ચેકવાળા નાણાં આપી જવા રજી.એડી. નોટીસ તા.૦૧/૧૦/૨૦૨૨ ના રોજ આપેલી છે જે તા.૦૭/૧૦/૨૦૨૨ ના રોજ આરોપીને બજી ગયેલ છે જેનો આરોપી તરફે કોઈ ખંડનાત્મક પુરાવો રજુ થયેલ નથી. જે ધ્યાને લેતા આરોપીના સરનામે નોટીસ બજી ગયેલ હોવાનુ પુરવાર થાય છે. જેથી, આ કામના આરોપીએ કાયદેસરના લેણા પેટે ફરીયાદીને ચેક આપેલ હોવાનુ અને સદરહુ ચેક આરોપીની કસુરના કારણે નકારાયેલ હોવાનુ અને તે ચેક નકારાતા ફરીયાદી ધ્વારા આરોપીને તેના સરનામે નોટીસ આપેલ હોવાનુ નિશંકપણે પુરવાર થાય છે.

**(૧૫)** આવી રકમની માંગણી કરતી નોટીસ ચેક લખનારને મળ્યાના પંદર દિવસમાં ચેક લખનાર ચેકની રકમની ચુકવણી ન કરે તો તેના એક માસમાં ચેકના પેઈ અથવા હોલ્ડર ઈન ડયુ કોર્સ હોય તેણે ફરીયાદ કરેલ છે કે કેમ? આ અંગે ફરીયાદ પક્ષનો પુરાવો વંચાણે લેવામાં આવેતો, આ કામના ફરીયાદીએ પોતાની જુબાનીની સરતપાસમાં જણાવેલ છે કે, આરોપીએ આપેલ ચેકના નાણા અમોને મળી શકેલા નહી, જેથી ફરીયાદીએ વકીલ મારફતે આ કામના આરોપીને આર.પી.એ.ડી દ્ધારા નોટીસ આપેલ અને તેમા જણાવેલ કે, ચેકની રકમ દિન–૧૫ માં ચુકવી આપવી. તેઓએ વધુમાં જણાવેલ છે કે, ઉપરોકત નોટીસ આરોપીના સરનામે બજી ગયેલ છે તથા જેના પુરાવા તથા પોસ્ટ ખાતાના આધારો રજુ કરેલા છે. હાલના કેસમાં ફરીયાદીએ આંક–૧૦ થી રજુ નોટીસની ઓફીસ કોપી, આંક–૧૧ થી પોસ્ટની આર.પી.એ.ડી ની અસલ રસીદ, આંક–૧૨ થી ઓનલાઈન ટ્રેક કન્સાઈનમેન્ટ,

<u>આંક–૧૩</u> થી <u>આરોપીએ ફરીયાદીને આપેલ નોટીસનો જવાબ</u>, <u>આંક–૧૪</u> થી <u>ફરીયાદીએ આરોપીને નોટીસના જવાબના અનુસંધાને આપેલ ખુલાસો</u>, <u>આંક–૧૫</u> થી <u>નોટીસના જવાબનો ખુલાસો આરોપીને બજી ગયેલ તે ઓનલાઈન ટ્રેક કન્સાઈનમેન્ટ</u> રજુ કરેલ છે. જેનો આરોપી તરફે કોઈ ખંડનાત્મક પુરાવો રજુ થયેલ નથી. જે ધ્યાને લેતા આરોપીના સરનામે નોટીસ બજી ગયેલ હોવાનુ પુરવાર થાય છે. જેથી, આ કામના આરોપીએ કાયદેસરના લેણા પેટે ફરીયાદીને ચેક આપેલ હોવાનુ અને સદરહુ ચેક આરોપીની કસુરના કારણે નકારાયેલ હોવાનુ અને તે ચેક નકારાતા ફરીયાદી ધ્વારા આરોપીને તેના સરનામે નોટીસ આપેલ હોવાનુ નિશંકપણે પુરવાર થાય છે.

આમ, આ કામે ફરીયાદપક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવો તથા સોગંદ પરની જુબાની ધ્યાને લેતાં ફરીયાદવાળો ચેક આ કામના આરોપી દ્વારા નિભાવવામાં આવતા બેંક ખાતાનો હોવાનું, તે ચેક આરોપીએ ફરીયાદીને તેનુ કાયદેસરનું લેણું ચુકવવા માટે આપેલ હોવાનું, તે ચેક અપુરતા ભંડોળના કારણે વગર ચુકવણીએ પરત થયેલ હોવાનું, સદરહુ ચેક રીર્ટન થતા ફરીયાદીએ કાયદા દ્વારા નિયત સમયમાં આરોપીઓને ડીમાન્ડ નોટીસ આપેલ હોવાનું, આ ડીમાન્ડ નોટીસ છતા રીર્ટન થયેલા ચેકની રકમ નિયત સમય મર્યાદામાં આરોપીએ નહી ચુકવેલાનું અને ફરીયાદી ધ્વારા હાલની ફરીયાદ કાયદા દ્વારા નિયત કરવામાં આવેલ સમય મર્યાદામાં દાખલ થયેલ હોવાનું પુરવાર થાય છે.

આ કામે ફરીયાદી ધ્વારા જે ફરીયાદ કરવામાં આવેલ છે તે ફરીયાદના કથનને ધ્યાને લેતાં તથા આ કામે જે પુરાવો રજુ થયેલ છે તે પુરાવો ધ્યાને લેતાં <u>આરોપી દ્વારા ફરીયાદી સાથે નાણાકીય વ્યવહારો પેટે ચેક આપેલ હોવા છતા તેનાથી અલગ કથન કરતા હોવાનુ અને મહત્વની હકિકતો છુપાવેલ હોવાનુ જણાય આવે છે</u>. ફોજદારી કાયદો કોઈ પણ પ્રકારની <u>પુર્વગ્રહયુક્ત ભાવનાને કદી પ્રોત્સાહન આપતો નથી</u>. ભોગ <u>બનનારને ન્યાય મળે તથા ખોટુ કરનારને દંડ મ</u>ળે તે કાયદાનો હેતુ હોય છે. ભારતીય ન્યાયશાસ્ત્ર દંડ સંહિતાના સર્વ શ્રેષ્ઠ સિદ્ધાંતોને વરેલ છે. જે નીચે જણાવેલ સિદ્ધાંતોને અનુસરે છે.

(૧) "<u>Benignius leges interpretandae sunt quo voluntas earum conservature</u>"
<u>Laws are to be more liberally interpreted, in order that their intent may be preserved</u>.
<u>કાયદાઓનો ઈરાદો</u> જળવાઈ રહે તે માટે તેનું ઉદારતાપુર્વક અર્થઘટન થવું જોઈએ.

(૨) "<u>Volantas in delictis non exitus spectatur</u>"
<u>In crimes, the will, and not the result, is looked</u>.
<u>ગુનાઓમાં ઈરાદો</u> અને નહી કે પરિણામ જોવાનુ હોય છે.

(૩) "<u>Doctrine of clean hands</u>"
ન્યાયાલય સમક્ષ આવનાર વ્યક્તિએ <u>શુદ્ધબુદ્ધિથી અને ન્યાયોચીત</u> વર્તન કરેલ હોવું જોઈએ.

આમ, હાલના કામે આરોપીની વર્તણુંક ધ્યાને લેતા તેઓ દ્વારા શુદ્ધબુદ્ધિથી અને ન્યાયોચીત વર્તન થયેલ નહી હોવાનુ જણાય આવે છે. જેથી, આ કામે રજુ થયેલ પુરાવો તથા સાહેદોની જુબાની ધ્યાને લેતાં હાલના આરોપીએ તહોમત મુજબનો ગુનો કરેલ હોવાની હકીકત સ્પષ્ટપણે અને નિશંકપણે પુરવાર થતી હોઇ હાલના કામે આરોપીને તકસીરવાન ઠરાવવુ ન્યાયોચિત જણાઈ આવે છે.

જેથી, આરોપી દ્વારા ધી નેગોશ્યેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ, ૧૮૮૧ ની કલમ- ૧૩૮ મુજબ શિક્ષાને પાત્ર કુત્ય કરેલ હોવાનું પુરવાર થાય છે. જે ધ્યાને લઈ મુદા નંબર ૧ નો જવાબ હકારમાં આપવામાં આવે છે. આ કામના આરોપી તખતભાઈ રાવજીભાઈ ભોઈને ધી નેગોશયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ ૧૪૨ સાથે વાંચતાં કલમ ૧૩૮ મુજબ શિક્ષાને પાત્ર કૃત્ય બદલ ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ ૨૫૫(૨) મુજબ તકસીરવાર ઠરાવવામાં આવે છે.

કામ, આરોપીને સજા બાબતે સાંભળ્યા માટે મુલતવી.

હુકમ આજરોજ તારીખ ૧૦, માહે–ફેબ્રૂઆરી, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૦/૦૨/૨૦૨૬ (શાલિની એસ. બારઠ)
ઉમરેઠ, આણંદ. જ્યુ. મેજી. ફર્સ્ટ કલાસ, ઉમરેઠ, આણંદ.
જી.જે.૦૧૫૭૩

(૧૬) સજા બાબતે સાંભળ્યા.

ફરીયાદ પક્ષના વિ.વકીલશ્રીને સાંભળ્યા.

આરોપીના વિ.વકીલશ્રીને સાંભળ્યા.

ફરીયાદ પક્ષના વિ.વકીલ શ્રી દ્વારા એવી રજુઆત કરવામાં આવેલી છે કે, આ કામે સદરહુ કેસનુ રેકર્ડ ધ્યાને લેતાં આરોપીની કસુરના કારણે સદરહુ કેસ ઘણા સમય સુધી વિલંબમાં પડેલ છે અને ફરીયાદીને ઘણી બધી હાડમારી સહેન કરવી પડેલ છે. હાલના કામે આરોપીએ ટ્રાયલ ચલાવવામા પણ અક્ષમ્ય વિલંબ કરેલ છે અને આ કામે આરોપી શરુઆતથી જ કાયદેસર લેણા પેટે ચેક આપેલ હોવાનુ જાણવા છતાં ફરીયાદીને ચેકના નાણાં નિયત સમયમાં નહી આપીને તેમને બીનજરૂરી રીતે સદરહુ કાર્યવાહીમાં ઉતારેલ છે. આરોપીને જયારે તકસીરવાર ઠરાવવામાં આવેલા છે ત્યારે તેઓને કાયદા દ્વારા નિયત કરવામાં આવેલી મહત્તમ સજા કરી દાખલો બેસાડવો જોઈએ.

આ કામે આરોપીના વિ.વ.શ્રીએ હાજર રહી દલીલ કરેલ છે કે આરોપી બાળબચ્ચાવાળા ઈસમ છે તથા ઘરની તમામ જવાબદારી તેમના પર રહેલ છે. આરોપી સમાજમા પ્રતિષ્ઠિત માણસ છે. જેથી, આરોપી પર દયા રાખીને તથા સુધારણાલક્ષી શિક્ષાની વિચારસરણી ધ્યાને લઈને હાલના આરોપીને ઓછામાં ઓછી સજા તથા દંડ કરવા રજૂઆત કરેલ છે.

આ કામે બન્ને પક્ષોને તમામ રજુઆતો ધ્યાને લેતાં સ્પષ્ટ થાય છે કે, આરોપીએ કાયદેસરના લેણા પેટે ઉત્પન્ન થયેલી જવાબદારીના ચુકવણા માટે હાલની ફરીયાદ વાળો ચેક આપેલો છે. જે જવાબદારી માટે ફરીયાદ વાળો ચેક આપવામાં આવેલ છે તે વ્યવહાર ઘણો જુનો વ્યવહાર છે. આવા સંજોગોમાં જો કોઈ કાયદેસરની લેણી રકમ આટલા સમય સુધી ફસાઈ રહે તો તેવા વ્યક્તિને આર્થીક નુકશાની અને માનસીક અને શારીરીક હેરાનગતીનો ભોગ બનવુ પડતુ હોય છે. તે સીવાય ચેકનો ઉપયોગ કરનાર વ્યકિત આવો ચેક પુરતી ગંભીરતા સાથે ઉપયોગમાં લે અને આવા ચેક સ્વીકારનાર વ્યકિતને પણ ચેકથી થતા વ્યવહારો પર વિશ્વાસ જળવાઈ રહે તે માટે આવા કેસોને હળવાશથી ન લેવા આવશ્યક જણાય છે. તે સીવાય જે વ્યકિતને આવા ચેક રીર્ટનના કારણે જે આર્થીક નુકશાની અને માનસીક શારીરીક હેરાનગતિનો ભોગ બનવુ પડે છે તે બદલ યોગ્ય વળતર ચુકવવામાં આવે તે પણ આવશ્યક જણાય છે. આ કામે હાલના આરોપીની રેકર્ડ પરની વર્તણુક ધ્યાને લેતા હાલના કામે આરોપીએ ટ્રાયલ ચલાવવામા પણ વિલંબ કરેલ છે અને આ કામે આરોપી શરુઆતથી જ કાયદેસર લેણા પેટે ચેક આપેલ હોવાનું જાણવા છતાં ફરીયાદીને ચેકના નાણાં નિયત સમયમાં નહી આપીને તેને સદરહુ કાર્યવાહીમાં ઉતારેલ છે. આ કામે આરોપીએ સમજયા વિચાર્યા વગર લહેણા પેટે ચેક આપ્યા બાદ પોતાના ખાતામાં પુરતુ ભંડોળ નહી રાખીને સ્પષ્ટપણે ચેકના કાયદાની ગંભીરતા ધ્યાને નહી લીધેલ હોવાનું સ્પષ્ટ થાય છે. જેથી ચેક રીર્ટનના કેસમાં ચુકવવાના થતા વળતર અંગે નામદાર સર્વોચ્ચ અદાલત અને ગુજરાત ઉચ્ચ અદાલત દ્વારા પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતો ધ્યાને લઈ નીચે

મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: આખરી હુકમ ::–

૧. આ કામના આરોપી તખતભાઈ રાવજીભાઈ ભોઈને તેઓ વિરુધ્ધ આરોપવામાં આવેલ ધી નેગોશયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ ૧૩૮ મુજબ શિક્ષાને પાત્ર કૃત્યના આરોપી બદલ ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ ૨૫૫ (૨) અંતર્ગત તકસીરવાર ઠરાવી ૧ વર્ષની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

૨. સી.આર.પી.સી. ૩૫૭ મુજબ ફરીયાદ વાળા ચેકની રકમ રૂા.૧,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ પુરા) ની રકમ આ કામના આરોપીએ ફરીયાદીને વળતર પેટે હુકમની તારીખથી એક માસની અંદર ચુકવી આપવી. જો આરોપી વળતરની રકમ એક માસ દરમ્યાન ચુકવવામાં નિષ્ફળ જાય તો આરોપીને વધુ બે માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે આરોપીએ સદર કેસની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન વાદગ્રસ્ત ચેકની રકમ પેટે જો કોઇ રકમ ફરીયાદીને ચુકવેલ હોય તો તે રકમ આ દંડ/વળતરની રકમમાંથી મજરે આપવાની રહેશે.

૩. સદરહુ આરોપી ચુકાદા સમયે હાજર રહેલ હોય, ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૪૧૮(૧) અન્વયે જેલની સજા ભોગવવા માટે આરોપીનુ સજા વોરંટ કાઢવાનો હુકમ કરવામાં આવે છે.

૪. આ કામે આરોપીએ કાચા કામના કેદી તરીકે ભોગવેલ સજા ક્રિ.પ્રો.કોડની કલમ–૪૨૮ અન્વયે મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

૫. ચુકાદાની એક નકલ વિના મુલ્યે આરોપીને આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૧૦, માહે–ફેબ્રુઆરી, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૦/૦૨/૨૦૨૬
ઉમરેઠ, આણંદ.

(શાલિની એસ. બારઠ)
જ્યુ. મેજી. ફર્સ્ટ કલાસ, ઉમરેઠ, આણંદ.
જી.જે.૦૧૫૭૩

D.M.Talpada–Steno.